॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૦૪ ઓક્ટોમ્બર - ૨૦૧૯ રૂા. ૫/૦૦



ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણપતી પૂજન





અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણપતી પૂજન
તથા શિવપૂજન સમાપ્તિદિને પીપલેશ્વર મહાદેવ મંદિરે ઉજવણી







માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગણેશ ચતુર્થીના દિવસે ગણપતી પૂજન તથા શિવપૂજન







શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ - બોલ્ટન યુ.કે.








શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ - વુલ્વીચ યુ.કે.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૧ અંક-૫ ઓક્ટોબર-૨૦૧૯
સળંગ અંક-૪૦૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેક્સ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org

## અનુક્રમણિકા


- તંત્રીની કલમે ૪
- વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ ૬
- સાચા દીક્ષિતની ઓળખ (ID) વૈષ્ણવી દીક્ષા,.... ૮
- સંસ્કાર સિંચનની ચાવી - આપણા તહેવારો ૧૦
- સત્સંગ સમાચાર-દેશ ૨૧
- સત્સંગ સમાચાર-વિદેશ ૨૮
- બાલ સંદેશ ૩૩


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



ભક્તિ આડંબરથી ન થાય, ભક્તિ આસ્થાથી થાય. આડંબર અને આસ્થા વચ્ચે અંતર છે. આડંબર બુદ્ધિ પ્રેરિત છે, જ્યારે આસ્થાનો સંબંધ ભાવજગત સાથે હૃદય પ્રેરિત છે. આડંબર ઈશ્વરને પસંદ નથી. આડંબરયુક્ત ભક્તિ કરનારની પ્રાર્થના ક્યારેય સ્વીકાર થતી નથી. જ્યારે નિઃસ્વાર્થભાવે દાસાનુદાસ થઈ સંપૂર્ણ સમર્પિત થઈને કરેલી પ્રાર્થનાનો પ્રભુ ક્યારેય અસ્વીકાર કરતા નથી. ભક્તિમાં આડંબરને સ્થાન નથી. ભક્તિ વિશુદ્ધ હૃદયે નિર્મળ ભાવ સાથે સંપૂર્ણ શ્રધ્ધા અને આસ્થાથી કરવાની હોય. શ્રી સહજાનંદ સ્વામીની સાચી શરણાગતી સ્વાકારી સંપૂર્ણ સમર્પિત થઈ જાય તે ભક્ત દાદાખાચર, જીવુબા, લાડુબા, નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેવા પરમભક્ત બની શકે, આવા ભક્તો ભગવાનને શરણે હોવાથી તેમની સંભાળ પરમેશ્વર સ્વયં રાખે છે.

પ્રવર્તમાન સામાજિક વલણ અને પ્રચલિત જીવનશૈલીમાં અડગ આસ્થા સાથે ધર્મ અને સદાચારના માર્ગે ટકી રહેવું કઠિન છે. વિજ્ઞાન, ટેકનોલોજી, ટેલીવીઝન અને મોબાઈલ (ઈન્ટરનેટ)ના વ્યાપક પ્રભાવથી આપણે ઘેરાયેલા છીએ. ભક્તિમાં શિથિલતા અને આસ્થામાં અસ્થિરતા આવવાની ઘણી બધી સંભાવનાઓ હાલ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં ભક્તિમાં દઢતા સાથેની શ્રદ્ધા અને ભગવાનમાં આસ્થા સ્થાપિત કરવા સાચા સંત સાથેનો સમાગમ સહાયરૂપ બને છે. જીવનમાં થતા સારા-નરસા, કડવા-મીઠા અને ભક્તિમાં બાધારૂપ થતા બનાવોથી જે મૂંઝવણ અનુભવાતી હોય છે, જે સમસ્યાઓ સર્જાતી હોય છે તેનું સમાધાન સાચા સંતો પાસેથી મળી રહે છે. આપણા આવા અનુભવોની ચર્ચા સંત સાથે કરીએ ત્યારે ઈશ્વર સાથે જોડાયેલા રહીએ એવી મનનયુક્ત ચિંતનશીલ ચર્ચા પ્રેરણારૂપ સાબિત થાય છે. આપણા વિચારોમાં તેમજ માન્યતાઓમાં કશુંક નવું અને સારું રોપાય છે. જે ઊગી નીકળે છે, પાપ પુણ્યની ઓળખ થાય છે તેમજ ઈશ્વરને પ્રિય એવી જીવનની ઘણી બધી બાબતો જીવનમાં ઉતરે છે અને શ્રીજી મહારાજની પ્રસન્નતા અને સામિપ્યની પ્રાપ્તિનો માર્ગ સરળ બને છે.

હાલ આસો માસ ચાલે છે. આસો માસમાં પર્વાધિરાજ દિવાળી અને તેની સાથે સંકળાયેલા ઘણા ઉત્સવો આવે છે. એ ઉત્સવોની વિગત અને મહાત્મ્યનો સમાવેશ આ અંકમાં કરેલો છે.

દિવાળીપર્વ તેજોમય પ્રકાશ આપના જીવનમાં આધ્યાત્મિક જ્ઞાન અને ભક્તિને વધુને વધુ દેદીપ્યમાન બનાવે એજ પ્રાર્થના સહ સૌને જય શ્રીસ્વામિનારાયણ.

# દીપાવલી એવં નૂતન વર્ષાભિનંદન

સંવત્ ૨૦૭૬નું નૂતન વર્ષ આપના, આપના કુટુંબીજનો, સ્નેહીજનો અને પ્રિયજનોના જીવનમાં આધ્યાત્મિક અભ્યુદય શાંતિની સાથે ભૌતિક સમૃદ્ધિ આપનારું નીવડે. જીવનમાં સુખ અને સંતોષ મળે. સ્વાસ્થ્યસભર અને આરોગ્યવર્ધક વર્ષ વીતે. શુભારંભ કરેલા તમામ કાર્યો નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય, સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય, ભક્તિ, નિષ્ઠા અને દાસત્વભાવ સાથે મહારાજની આજ્ઞા પાળવાના સાથે ભક્તિમાં સુદૃઢતા આપે એવી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સહ દિવાળી તથા નૂતનવર્ષની શુભેચ્છા સહ,

મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રીસ્વામિનારાયણ

# નૂતન વર્ષાભિનંદન

પ્રકાશનું પર્વ આપ સૌના જીવનપથ પર પ્રસન્નતા, પ્રફુલ્લિતતાનો પ્રકાશ પાથરે. આપના હૃદયકમળમાં ભક્તિની જ્યોત પ્રગટે તેમાં સત્સંગનું દીવેલ પુરાય અને આપના જીવનમાં સત્કાર્યોની સુવાસ ચોમેર પ્રસરે એવી નૂતન વર્ષની હેતપૂર્વક શુભેચ્છા. નવું વર્ષ આપના, આપના પરિવારના સ્નેહીજનો, શુભચિંતકો અને મિત્રોના જીવન સુખ સમૃદ્ધિ- સંતોષ સાથે આનંદ ઉલ્લાસ ઉમંગ લાવે.

આરંભેલા સદ્કાર્યો નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય તેવી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના.

ઉદ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગીઓ, શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના વાર્ષિક તેમજ આજીવન સભ્યો, લેખકો, વાચકો, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ અને શુભચિંતકોને શુભેચ્છા સહ આશીર્વાદ સાથે દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન સહ જયશ્રી સ્વામિનારાયણ.

- તંત્રી મંડળ

# વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ

ડૉ. સ્વામી સત્યપ્રસાદદાસજી

### શ્રીહરિનું જ્ઞાનામૃત થયું ‘વચનામૃત ગ્રન્થ’ (સોપાન : ૨)

વચનામૃત ગ્રન્થ એ ભગવાન શ્રીસ્વામિનારાયણે લખ્યો નથી પરંતુ ઉચ્ચારિત ગ્રંથ ગણાય છે. સહજાનંદ સ્વામીના જીવનના અંતિમ અને પાંચમા દશકમાં સંવત્ ૧૮૭૬ થી ૧૮૮૬ સુધી જે વચનો સહજાનંદ સ્વામીએ, પરમહંસો, સંતો અને ભક્તોને કહ્યાં તે વચનામૃત બન્યાં.

વચનામૃત ગ્રન્થ પ્રશ્નો અને તેના ઉત્તરરૂપે છે. જ્યારે શ્રીહરિ ધર્મ પ્રચાર અર્થે જ્યાં જ્યાં ગામ - નગરોમાં પધાર્યા અને ત્યાં સભાઓ કરી હોય તેમાં સંતો કે ભક્તોએ જે પ્રશ્ન પૂછ્યા છે તેનાં ઉત્તરમાં શ્રીહરિએ વાર્તા કરી તેમજ સ્વયં શ્રીહરિએ વિવિધ સ્થળોએ જ્ઞાનચર્ચા કરી તેને પાંચ વિદ્વાન સંતોએ - ૧. સત્સંગની મા સમાન ગણાતા શ્રીમુક્તાનંદ સ્વામી ૨. યોગીરાજ શ્રીગોપાળાનંદ સ્વામી, ૩. વિદ્વાન્ શ્રીનિત્યાનંદ સ્વામી ૪. શ્રીશુકાનંદ સ્વામી તથા ૫. કવિરાજ શ્રીબ્રહ્માનંદ સ્વામી- આ પાંચ સદ્‌ગુરુ સંતોએ સંકલન કરીને ગ્રંથસ્થ કરીને ભગવાન શ્રીસ્વામિનારાયણને બતાવ્યો હતો અને શ્રીહરિએ તેને પ્રમાણિત કર્યો તે શાસ્ત્ર વચનામૃત ગ્રન્થ થયો. ઉધ્ધવ સંપ્રદાયના સ્થાપક અને પ્રવર્તક ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામીના દેહ ત્યાગના ચૌદમાના દિવસે દેશ-દેશાન્તરથી પધારેલ હજારોની સંખ્યામાં ઉપસ્થિત ભક્તોને સહજાનંદ સ્વામીએ સ્વયં **‘સ્વામિનારાયણ’ ‘મંત્ર’** આપ્યો. ભગવાન નારાયણને સંપ્રદાયમાં અધિષ્ઠાતા ઉપાસ્યદેવ સ્થાપીને સંપ્રદાયને પણ સ્વામિનારાયણ સંપ્રદાય તરીકેની ઓળખ આપી. ઉપાસ્ય તરીકે સ્વયંનું સ્વરૂપ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીજીએ સહિત ભગવાન વિષ્ણુ - લક્ષ્મીનારાયણદેવ તેમજ રાધીકાજીએ સહિત ભગવાન શ્રીકૃષ્ણ- રાધાકૃષ્ણદેવ, શ્રીનરનારાયણદેવ, સહજાનંદ સ્વામી, શ્રીઘનશ્યામ મહારાજ આદિ ભગવાનનાં વિવિધ સ્વરૂપની ઉપાસ્ય તરીકે મંદિરોમાં સ્થાપના કરીને ઉપાસના પ્રવર્તાવી.

ઉધ્ધવ સંપ્રદાય આમ તો ભક્તિ પરંપરાને અનુસરનારો સંપ્રદાય છે. સનાતન વૈદિકધર્મ પ્રણાલીમાં મોટેભાગે સંપ્રદાયો ભક્તિ સાથે જ્ઞાનને અનુસરે છે તેથી ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ આ બન્ને માર્ગોમાં પ્રવર્તતો હોય છે. સામાન્યરીતે દરેક સંપ્રદાયોની જ્ઞાનધારાઓનાં મૂળ પ્રસ્થાનત્રયી અર્થાત્ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા. ત્રણ ગ્રન્થોમાંથી પ્રસરે છે. કેટલાક અદ્વૈત તથા કેટલાક વિશિષ્ટાદ્વૈત અને કેટલાક દ્વૈત સિદ્ધાન્તની વિચારધારાથી સ્થપાયેલા હોય છે.

સંસારના જન્મોજન્મના ફેરામાંથી મુક્ત થઇ, બ્રહ્મમાં લીન થઇ જવાની, પૂર્ણ મોક્ષ પામવાની વિવેકપૂર્ણ વિચારણા અને એ વિચારણાનું અનુસરણ કરવું એ એક માર્ગ છે.પરંતુ ઉદ્ધવાવતાર શ્રીરામાનંદ સ્વામી અને ત્યારપછી ધર્મધૂરા સાંભાળનાર ભગવાન શ્રીસ્વામિનારાયણે આ સંપ્રદાયમાં મૂળ વૈષ્ણવ પંથનો વિચારમાર્ગ સ્વીકાર્યો. એનાં મૂળ આચાર્ય શ્રીરામાનુજાચાર્ય પ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈતમતની વિચાર અને સિધ્ધાંતના આધારે પાયા નખાયા. આચાર્યોમાં આદિ શ્રીશંકરાચાર્યએ અદ્વૈતસિદ્ધાન્તની પરંપરા સ્થાપી. તેમાં વિચારવિશેષે કરી શ્રીરામાનુજાચાર્યે બ્રહ્મને અદ્વૈતરૂપમાં સ્વીકારીને તેમાં જીવ અને જગતનાં વિશેષણો ઉમેરીને વિશિષ્ટ અદ્વૈત બ્રહ્મ છે એવો જ્ઞાનમાર્ગ અર્થાત્ સિધ્ધાંત પ્રચલિત કરીને વિશિષ્ટાદ્વૈતને પ્રસ્થાપિત કર્યો એ જ સિદ્ધાન્તને શ્રીરામાનુજાર્ય થકી દીક્ષા પ્રાપ્ત કરેલ શ્રીરામાનંદ સ્વામી અને ભગવાન શ્રીસ્વામિનારાયણે આ ઉદ્ધવ સંપ્રદાયનાં તત્ત્વાધાર અને તત્ત્વજ્ઞાન આ વિશિષ્ટાદ્વૈતમત પ્રવર્તાવ્યો.

શ્રીસહજાનંદ સ્વામીએ આ વિશિષ્ટાદ્વૈતમતમાં

નિજજ્ઞાન ઘોળ્યું. અને જે આ જ્ઞાનામૃત થયું તે સહજાનંદ સ્વામી કથિત 'વચનામૃત ગ્રન્થ થયો'. સહજાનંદ સ્વામીએ વચનામૃતના માધ્યમથી જ્ઞાનમૂલક પ્રશ્નોનું ઊંડાળપૂર્વક ચિંતન કર્યુ. મૂખ્ય પણે પાંચ પ્રશ્નો પૂછ્યા. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ શું છે ? આ પાંચ અનાદિભેદ તત્ત્વો વિશે સહજાનંદ સ્વામીએ ગહન ચિંતન કર્યા પછી જે ઉત્તર પ્રાપ્ત થયો તે આ ઉદ્ધવ સંપ્રદાયના મુખ્યજ્ઞાનનો પ્રવાહ કહેવાયો.

**ક્રમશઃ**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સ્વામિનારાયણ-ગુરૂકુલ નારણપર**

# "પંચદશાબ્દી મહોત્સવ"

# 15th ANNIVERSARY

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી C.B.S.E. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ નારણપરને શરૂ થયે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. તેથી ૧૫ વર્ષનો ઉત્સવ એટલે "પંચદશાબ્દી મહોત્સવ" 15TH ANNIVERSARY ખૂબ જ ધામધૂમથી અનેક વિવિધ કાર્યક્રમોની સાથે ઉજવવાનું નકકી કરેલ છે. તા.૦૧/૦૧/૨૦૨૦ થી ૦૫/૦૧/૨૦૨૦ સુધી આમ પાંચ દિવસનો ઉત્સવ ઉજવવાનું નક્કી કરેલ છે. તો આ પ્રસંગને દિપાવવા માટે દેશ-વિદેશમાં રહેતા આપ સૌ ભક્તજનોને સહપરિવાર પધારવા અમો સહૃદય હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

લી. ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારણપરના સંચાલક સંતમંડળ તથા ટ્રસ્ટીમંડળના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત**

**વચનામૃત દ્વિદશાબ્દી મહોત્સવ એવં**

**અંજાર નિવાસી શ્રીઘનશ્યામ મહારાજના**

**૫૭માં વાર્ષિક પાટોત્સવ**

**ઉપક્રમે અંજાર મધ્યે નવ દિવસીય**

# શ્રી વિશ્વમંગલયાગનું દિવ્ય આયોજન

**:: પ્રારંભ ::**

**સંવત્ ૨૦૭૬ કાર્તિક વદ ૧**

**તા. ૧૩-૧૧-૨૦૧૯**

**:: સમાપ્તિ ::**

**સંવત્ ૨૦૭૬ કાર્તિક વદ ૯**

**તા. ૨૧-૧૧-૨૦૧૯**

- દરરોજના યજમાનો અલગ અલગ હશે.
- માત્ર રૂા.૩૦૦૦ સેવા જેમની હશે તે સજોડે બેસી એક દિવસ લાભ લઈ શકશે.
- જનમંગલના ૧ કરોડ સતાવન લાખ મંત્રના પુરશ્ચરણનો દશાંશ હોમ કરવામાં આવશે.

નોંધ : આપ પણ આ વિશ્વમંગલયાગમાં સહભાગી થઈ શકો છો.

લી. અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી

# સાચા દીક્ષિતની ઓળખ (ID) વૈષ્ણવી દીક્ષા, ઉર્ધ્વપુંડ્ર તિલક ને બેવડી કંઠી

- હિંમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

**શિક્ષાપત્રી શ્લોક : ૪૧**

**कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले ।**

**धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥**

"ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને (વૈષ્ણવી દીક્ષાને) પામેલા મારા આશ્રિત બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણેય વર્ણના (મારા આશ્રિત) સત્સંગીઓને કંઠને વિષે તુલસીની બેવડી કંઠી નિત્ય ધારણ કરવી. તથા લલાટે, હૃદયે અને બે હાથે આમ ચાર જગ્યાએ ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરવું."

આ અદ્‌ભુત, ઊંડા અને વ્યાપક શ્લોકની સમજણ પણ તેટલી જ મહત્ત્વની શતાનંદ સ્વામીએ આપેલ છે. વર્તમાનમાં નવજાત બાળક-બાળકીને તેની ઓળખ (ID) જન્મથી મૃત્યુ પર્યંત રાખવી પડે છે.

નવજાતને તુરત જ કૌટુંબિક ઓળખ મળે અને જન્મ દાતા માને માતૃત્વની ઓળખ વળગે. છઠ્ઠીના દિને નામકરણની ID, સાથે સાથે જ્ઞાતિ, જન્મભૂમિ, રાજ્ય અને રાષ્ટ્રની પણ ઓળખ જોડાય.

રમતાંરમતાં આચાર, શિષ્ટાચાર, વર્તન, વ્યવહાર તો આવતા જ જાય અને ભણતર પૂર્ણ થાય ત્યારે શૈક્ષણિક ID ધારણ કરે. અબુધને માતા-પિતા હાથ જોડી જય જય, માથું નમાવી નમસ્કાર, દંડવત્, ટાટા, બાયબાય, હલ્લો હાય કાંઈ કેટલુંયે શીખવાડી ચૂક્યા હોય. પણ જીવને તેની ઉર્ધ્વગતિનું શિક્ષણતો મંદિર, સદ્‌ગુરુ જ આપે.

સંસારમાં સરાબોર ડૂબેલા જીવ ખાઓ, પીઓને મજા કરોમાં ડૂબતાજ જાય ડૂબતા જ જાય. માયા તેવા જીવોને તેમને મનગમતા ચોગઠાં ચડાવતી જ જાય. મહારાજ ચેતવે છે.

"શ્રીજી મહારાજનું માર્ગદર્શન મહાન,
ચાલ્યા જે હરિભક્તો પહોંચ્યા મુકામ,
અવઢવમાં રહ્યા તેમણે ફેરવ્યા સુકાન,
એકાંતિક ભક્તો જ પહોંચ્યા અક્ષરધામ."

માનવજીવન સફળ કરવા શ્લોક-૪૧માં વિશેષ ગાઈડ-લાઈન્સ આપી છે.

- આશ્રિતોએ દીક્ષિત થવું અનિવાર્ય છે.
- શ્રીજીને આશ્રિત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય દીક્ષા લઈ શકે.
- દીક્ષિત સત્સંગીએ નિત્યપ્રતિ ID સ્વરૂપે કંઠમાં શ્રીતુલસીજીની બેવડી કંઠી ધારણ કરવી.
- લલાટે, હૃદયે અને બન્ને હાથોપર ઉર્ધ્વપુંડ્રક તિલક ધારણ કરવાં.
- આ ID ધારણ કરવાથી થાય શું ? શા માટે ધારણ કરવી જરૂરી છે ? બ્રાહ્ય ચિહ્નો શા કામના ?

આવા બ્રાહ્યાચાર સત્સંગીને વિચલિત થતો, લક્ષ્યથી ભટકી જતો, માયાવી સંસાર પ્રત્યે લલચાઈ જતો અટકાવે છે. લપસતાં બચાવે છે. સરે બાજાર જાણીતા તો ઠીક પણ અજાણ્યા પણ તેને સ્વામિનારાયણ ભગવાનના તરત ભક્ત ઓળખી કાઢે છે. સત્સંગીના અટક્યા કામો પણ આશ્ચર્ય જનક રીતે ID ના પ્રતાપે થતા રહે છે. ID એટલે પોઝીટીવ આઉટલુક. ID આત્મીયતા સર્જે છે.

દીક્ષા એટલે શું ?

શતાનંદ સ્વામી દીક્ષાની સમજણ આપતાં જણાવે છે કે દીક્ષા તુ વ્રતસંગ્રહઃ દીક્ષા એટલે ઉર્ધ્વમુખી થવા માટેના વ્રતોનો સ્વીકાર. મૂળભૂત વ્રત કયું છે ? હું આ ઘડીથી જ ઈશ્વરનો છું. આ વ્રત પ્રભુથી બીલ્લા અને સાથે સાથે સ્વયંભૂ પણે માયાથી કીટ્ટા સૂચવે છે.

વળી, દીક્ષિત થયા પછી વર્તમાન જીવનમાં પણ પૂર્વ જન્મનાં પાપો અને પુણ્યકર્મો ઝાંખા પડી જાય છે. કર્મોનું વળગણ ઘટાડે છે.

ભગવદ્‌ગીતા પ્રબોધે છે, કર્મો ભોગવ્યા વિના શાંત થતા નથી અને સાચા દીક્ષિત તેવા કર્મોનાં સુકાનની દિશા બદલાવી શકે છે.

શ્રીજી મહારાજના બોધ પ્રમાણે દીક્ષિત શરણાગત ભક્તની જ્યારે મુક્તિ થાય છે ત્યારે તે ભક્તના શત્રુઓ શરણાગતના પાપકર્મો ભોગવે છે અને સ્નેહીઓ પુણ્ય કર્મો ભોગવે છે.

**-શરણાગત ભક્ત કોને કહેવો ?**

શરણાગતિ એટલે ભક્તની ઈશ્વરને સંપૂર્ણ સમર્પિતતા. તેનું રોમેરોમ ઈશ્વર માટે તડપતું હોય.

શરણાગતિ બે પ્રકારની છે. (૧) સદ્વારક અને (૨) અદ્વારક.

સદ્‌ગુરુ દ્વારા જીવ-ભક્ત જ્યારે ઈશ્વરનાં ચરણોમાં સમર્પિત થાય ત્યારે તેને સદ્વારક શરણાગતિ કહેવાય છે. આ પ્રક્રિયાની જવાબદારી સદ્‌ગુરુની છે.

અદ્વારક શરણાગતિ કોને કહેવાય?

કેટલાક જન્મજાત શક્તિશાળી જીવો-ભક્તો સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન ધરાવતા હોય છે કે આ જન્મે તે મેળવવાનાં જબ્બરજસ્ત પ્રયત્નો કરેલા હોઈ તેઓ સદ્‌ગુરુ વિના જ ઈશ્વરને સમર્પિત થાય છે તેને અદ્વારક શરણાગતિ કહેવાય છે. જાણે કે -

"યે તો પ્રભુ કા બનાયા, અદ્‌ભુત ઈન્સાન હૈ;
શાસ્ત્રજ્ઞાન કે સહારે હી, ખુદ-બ-ખુદ છલાંગ લગાતા હૈ.!"

આવી અદ્વારક શરણાગતિ શરણાગતિના બે પ્રકાર છે. (૧) સામાન્ય દીક્ષા દ્વારા અને (૨) મહાદીક્ષા દ્વારા. ચાલો આપણે ટૂંકમાં વધુ ઊંડું ચિંતન કરીએ.

શરણાગત મંત્રનો સ્વીકાર ચારેય વર્ણોએ કરવાનો છે, એમ શ્રીજી મહારાજે પ્રતિપાદન કર્યું છે. પરંતુ શ્રી તુલસીજીની બે સરવાળી કંઠી માત્ર આ વર્ણોને જ ધારણ કરવાનો અધિકાર છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને સચ્છુદ્રને.

વળી, દીક્ષા ભક્ત જીવનમાં આવતો અદ્‌ભુત પર્વ છે. તેને મહાપર્વ કે મહાપરિવર્તન પણ કહી શકાય. તેથી સામાન્ય દીક્ષા અને મહાદીક્ષાનાં જે ખાસ મંત્રો છે તે મંત્રો આપવાનો અધિકાર આચાર્ય મહારાજશ્રીએ જેમને ગુરુપદે સ્થાપ્યા છે તેવા પરમ પૂજ્ય ધર્મધુરંધર બન્ને આચાર્યશ્રીઓને જ આપેલો છે. તેથી દીક્ષિત તેમની પાસેથી જ પૂર્ણ વિગતો જાણી, સમજી અને દૃઢ કરી લેવી હિતાવહ છે.

સામાન્યતઃ માળા-કંઠીઓ વિવિધ પ્રકારની આવે છે. તુલસી સાત્ત્વિક કાષ્ઠ છે. મોક્ષ સંબંધિત કોઈ પણ સાત્ત્વિક કાર્ય કરનારા પુરુષોએ કંઠમાં તુલસીની કંઠી હંમેશાં ધારણ કરવી આવો બોધ શતાનંદ સ્વામી કરે છે.

સુહાસીની નારીના ગળામાં લોકેટ સાથેની કંઠી અને સેંથોં સિંદુર તેની પ્રતિવ્રતાની ID છે. શતાનંદ સ્વામી બે સરવાળી કંઠીના ગર્ભિત ભાવો ઈંગિત કરતાં કહે છે, એક સર રાધાજીની અને બીજી શ્રીકૃષ્ણની એક શ્રી લક્ષ્મીજીની ને બીજી નારાયણ ભગવાનની અને જ્ઞાનસભર અર્થમાં એક નરનીને બીજા નારાયણની.

ઉર્ધ્વપુંડ્ર તિલક, ઝગાંમગાં કુંકુમનો ચાંદલો એ તો માનવને પરમાત્માએ કરેલ ત્રીજા નેત્રની બક્ષીસની પૂજા છે..! ત્રીજા નેત્રનું પૂજન એટલે બુદ્ધિમત્તા, વિવેક, દૂરંદર્શીતા અને માનવતાનું નિત્યપ્રતિ આહ્‌વાન છે. ઉર્ધ્વપુંડ્રતિલક વૈષ્ણવોનું અસાધારણ ચિહ્ન છે ને તે સદાય ઉર્ધ્વગતિને સૂચવનારું છે. બાંવડાઓ પર ઉર્ધ્વપુંડ્ર તિલક 'આપના હાથ જગન્નાથ'નુ શક્તિ પ્રદર્શન છે. ભાલમાં તિલક કરતાં ૐ શ્રી વાસુદેવાય નમઃ, હૃદયમાં ૐ શ્રી સંકર્ષણાય નમઃ, જમણી બાહુના મૂળમાં ૐ શ્રી પ્રદ્યુમ્નાય નમઃ, ડાબી બાહુના મૂળમાં ૐ શ્રી અનિરુદ્ધાય નમઃ, ભાલ વચ્ચે ચાંદલો કરતાં ૐ શ્રી મહાલક્ષ્મ્યૈ નમઃ ટૂંકમાં આપના આ અંગોમાં એ ભગવાન વિરાજે છે માટે એ સ્વરૂપોનું પૂજન પણ તિલક-ચાંદલો સૂચવે છે.

બાકી સંસારીઓની તો વાતો જ અજબગજબની છે.

"અંગઉપાંગો પર ભાતિગળ છુંદણાં,
મુખડે મેક-અપનાં કામણ છવાણા,
તીક્ષ્ણ નખો તો રંગારંગ રંગાણાં,
આ છે માયાવી ID નાં રૂપાડાં બેસણાં..!"

સહજાનંદ સ્વામી મહારાજ નિષ્ઠાવાન સત્સંગીને સાદ પાડે છે...સાંભળવા જેવો છે... જાગી જવા જેવું ખરું જ.

"તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ?
શા માટે આવ્યો છે ? ક્યાં જવું છે ?
જાગ જીવ જાગ ! તારો જીવ સુધાર !
શરણાગતની ID લઈ અક્ષરધામ પધાર..."

જન્મયા તો છીએ જ. હવે જવાનું છે અને ઈશ્વર જીવમાત્રની પ્રતિક્ષામાં જ છે.


## ધર્મ સંદેશના ગ્રાહક શુલ્ક

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

સત્સંગ સમાચાર તા. ૨૦ સુધીમાં મોકલવા તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.

# સંસ્કાર સિંચનની ચાવી - આપણા તહેવારો

- જનકભાઈ ભટ્ટ, ભરતભાઈ મહેતા, જીતેન્દ્રભાઈ પાલીવાડ

ઉત્સવો જીવનરસનાં પ્રેય પાઈને જીવનને પ્રફુલ્લિત બનાવે છે. સનાતન હિન્દુ ધર્મમાં ઉત્સવો ઉત્સાહનો સંચાર કરી, ઉમંગ અને આનંદવર્ધક જડીબુટ્ટીની ભૂમિકા ભજવે છે. શ્રાવણમાસની જેમ જ આસો માસમાં પણ ઉત્સવોની વણઝાર છે. પર્વાધિરાજ દિવાળી અને તેની સાથે સંકળાયેલા ઉત્સવો અને તેનું મહાત્મ્ય પ્રસ્તુત કરેલ છે.

**શક્તિ અને ભક્તિનું પર્વ - નવરાત્રિ :** આસો માસનું આગમન થતાં જ આપણી નવરાત્રિ શરુ થાય છે. સામાન્ય રીતે નવરાત્રિનો અર્થ થાય છે નવરાત્રિનો સમૂહ. સાધના અને આરાધનાનો તહેવાર એટલે નવરાત્રિ. નવરાત્રિમાં સૂર, તાલ અને લયનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ આપણને જોવા મળે છે. નવરાત્રિ એટલે શક્તિ અને ભક્તિનો તહેવાર. દૈવી શક્તિનો આસુરી શક્તિ ઉપરનો વિજયનો ઉત્સવ માનવામાં આવે છે. નવરાત્રિમાં સંગીત, નૃત્ય અને શબ્દોનું અદ્‌ભુત મિલન થાય છે. નવરાત્રિમાં લોકો મન મૂકીને નાચે છે. નવરાત્રિ નવા ધન-ધાન્યનો પણ ઉત્સવ છે. નવરાત્રિ અણમોલ લોકોત્સવ છે. આ ઉત્સવ ધાર્મિક છે. પરંતુ હવે તે સામાજિક ઉત્સવ બની ચૂક્યો છે અનાદિ કાળથી સદ્‌વિચારો ઉપર, દૈવી વિચારો ઉપર આસુરી વૃત્તિ હુમલો કરતી આવી છે. સદ્‌વિચારો હોવા એ પૂરતું નથી પરંતુ તેનું રક્ષણ થવું જરૂરી છે. અને તે માટે શક્તિની ઉપાસના આવશ્યક છે. આળસને ખંખેરી, ક્ષણિક પ્રમાદને આધો કરી પુનઃ શક્તિની ઉપાસના સમાજે શરુ કરવી જોઈએ.

संघे शक्तिः कलौ युगे। કળિયુગમાં સંઘ શક્તિનું મહત્ત્વ છે આથી નવરાત્રિના દિવસોમાં દૈવી વિચારના લોકોનું સંગઠન સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ. જગતમાં નૈતિક મૂલ્યોને ટકાવી રાખવા માટે સમર્થ લોકોનું તપશ્ચર્યાનું પીઠબળ હોવું જરૂરી છે. તપશ્ચર્યાને જ યશ મળે છે. સાધુ સંતોની તપશ્ચર્યા થકી સમાજમાં સંસ્કાર અને યશ મળે છે. સાધુ સંતોના તપશ્ચર્યા થકી સમાજમાં સંસ્કાર અને સંસ્કૃતિ ટકી રહેલ છે આ વાત કોઈએ ભૂલવી જોઈએ નહીં.

નવરાત્રિમાં જે ગરબો મૂકવામાં આવે છે તેનું હાર્દ પણ સમજવું જરુરી છે. ગરબાની પાછળ તાત્ત્વિક સમજણ પણ છે.

શક્તિ અને આરાધના વખતે કેન્દ્રમાં નવ છિદ્રોવાળો ગરબો (મટકું) મૂકવામાં આવે છે એ માનવીના દેહનું પ્રતીક છે. આપણા દેહમાં આત્મજ્યોતિ સતત પ્રજ્વલિત રહે તેના પ્રતીકરૂપે ગરબામાં નવ દિવસ દીવો પ્રજ્વલિત રાખવાની ભાવના છે. મૃત્યુ વખતે માણસની અંદર રહેલ ચૈતન્ય એ નવ દ્વાર દ્વારા (બે આંખ, બે કાન, બે નસકોરા, મોઢું, ગુદા, જનનેન્દ્રિય) દેહની બહાર નીકળે છે. માણસની અંદર રહેલ જ્યોતિ વિલીન થાય છે. ગરબાની જ્યોતિ વિલીન થઈને તેનું વિસર્જન કરવામાં આવે છે. માનવમાં રહેલ ચૈતન્ય બહાર નીકળ્યા બાદ દેહને પંચમહાભૂતમાં વિલીન કરવામાં આવે છે.

નવરાત્રિ પર્વ શક્તિ, ભક્તિ અને આરાધનાનું પર્વ છે. નવરાત્રિ સંયમનો પર્વ છે એ વાત ક્યારેય પણ કોઈ પણ સંજોગોમાં ભૂલાવી જોઈએ નહીં. ભક્તિ અને આદ્યશક્તિને ભૂલીને વર્તમાન સમયમાં કેટલીક જગ્યાએ ફિલ્મી ગીતો પર બિભત્સ ચેનચાળા સાથેના નૃત્યોવાળા ડીસ્કો ડાંડીઆ દ્વારા સ્વચ્છંદતા જોવા મળે છે, જે સંયમની મર્યાદા ઉલ્લંઘીને અનિષ્ટને આમંત્રણ આપે છે. આ બાબત દૂર થવી જ જોઈએ. સ્ત્રી-પુરુષોની સાથે રમાતી આવી ગરબીઓ પર પ્રતિબંધ લાદવો જોઈએ.

શ્રીજી મહારાજે પૂરતી મર્યાદા જાળવીને સ્ત્રી અને પુરુષોએ અલગ અલગ ગરબા રમીને આનંદ માણવાનો આગ્રહ રાખેલ છે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને નવધા ભક્તિ દ્વારા ભક્તિનું ભાથું બાંધી જીવન ઉર્ધ્વગામી બનાવવાની વાત શાસ્ત્રોના માધ્યમથી સમજાવેલ છે. તેને આપણે જીવનમાં આત્મસાત્ કરીએ અને જીવન સાર્થક બનાવીએ.

**દશેરા-વિજયાદશમી :** સત્સંગિજીવનના ચોથા પ્રકરણમાં સ્વયં શ્રીહરિએ આસો માસમાં કરવાના સમસ્ત

ઉત્સવોનો વિધિ નિરૂપણ કરેલ છે. શ્વિન શુક્લ દશમી તિથિએ શ્રવણ નક્ષત્રમાં પૂર્વે ભગવાન રામચંદ્રજીએ (સમસ્ત આ તપસ્વીજનોના હિંસક રાવણાદિ રાક્ષસગણનો નાશ કરવા માટે) કિષ્કિંધાપુરી થકી જૈત્રયાત્રા પર થઈને પ્રયાણ કર્યું હતું. તે હેતુ માટે સર્વ નરોએ તે દિવસ શ્રવણ નક્ષત્રે યુક્ત તે વિજયનામના સમયે પોતપોતાની ગ્રામની સીમાનું સમુલ્લંઘન કરવું, નવમી દશમીએ વિજયકાળ વર્તતાં જેમાં શ્રવણયોગ હોય તેમાં ઉત્સવ કરવો.

તે ઉત્સવ સમયે ભગવાનને રાજાલાયક વસ્ત્રો સુગન્ધિ પુષ્પહારો, તેવા જ તોરાઓ અને સુરભિ શીતળ ગુરુચંદન વડે સમલંકૃત કરીને પૂજન કરવું. પછી દૂધપાક, ઠોર આદિ પકવાનો વિશેષપણે નિવેદન કરવું. ભક્તિભાવપૂર્વક આ મહાન ઉત્સવને ગીતો ગાઈ વાજીંત્રો ઉદ્‌ઘોષપૂર્વક વગાડવાના અને વિજયયુક્ત પદ્યોનું ગાન કરવું.

વિજયાદશમી હિન્દુઓનો મહાન રાષ્ટ્રીય પર્વ છે. આસો સુદ ૧૦ ને વિજયાદશમી માનવામાં આવે છે. દશેરાનો આ ઉત્સવ એટલે ભક્તિ અને શક્તિના સમન્વયનો પર્વ. નવરાત્રિના નવ દિવસ દરમ્યાન સાત્ત્વિક ઉપાસના કરી દૈવીશક્તિ પ્રાપ્ત કરેલો મનુષ્ય વિજય માટે થનગની ઊઠે તે તદ્દન સ્વાભાવિક છે. આજના દિને નવ લાખ વર્ષ પહેલાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રે અત્યાચારી રાવણ સામે યુદ્ધ કરવા પ્રસ્થાન કર્યું હતું. આ યુદ્ધમાં રામનો વિજય અને રાવણનો સર્વપ્રકારે નાશ થયો હતો. રામનો આ વિજય સત્યનો અસત્ય પર, ધર્મનો અધર્મ પર, ન્યાયનો અન્યાય પર અને નીતિનો અનીતિ પરનો વિજય હતો.

આ તહેવાર ઉચ્ચ ભાવનાઓ અને જ્વલંત આદર્શોને પ્રબોધે છે. રામનું એકવચનીપણું, એકપત્નીવ્રત, પિતૃભક્તિ, સત્યવચન, પ્રજા વત્સલતાના આદર્શો, તો લક્ષ્મણની ભ્રાતૃભાવના, ઉત્તમ ચારિત્ર્ય તેમજ ભરતની ન્યાયપ્રિયતા અને નીતિમતા, સીતાની પવિત્રતા અને હનુમાનની સંપૂર્ણ સમર્પિત સ્વામી ભક્તિ વગેરે બાબતો ભક્તજનો રામલીલાના રૂપમાં લોકો સમક્ષ રજૂ કરતા રહ્યા છે. રાવણના પૂતળાનુ દહન કરીને સંસારને ઉપદેશ આપે છે કે અન્યાય ગમે તેટલો પ્રબળ હોય તો પણ એક દિવસ તેનો નાશ થવાનો છે. નારી પ્રતિ મલિન બનીશું તો વિનાશ થશે. અવગુણોને અવગણો નહીં પણ નિવારો. એને ટાળો નહીં પણ બાળો.

આસો માસની દશમે તારકોદયના સમયે વિજય નામનું મુહૂર્ત હોય છે. જે સંપૂર્ણ કાર્યોમાં સિદ્ધિ આપનારું છે. ભગવાન રામચંદ્રે શ્રવણ નક્ષત્રમાં રાવણ પર વિજય મેળવવા પ્રસ્થાન કરેલ હતું. તેથી તે દિવસે બધા લોકોએ પ્રગતિ માટે સીમાનું ઉલ્લંઘન કરવું જોઈએ. આ શાસ્ત્રીય મૂલ્ય છે. સીમોલ્લંઘ પ્રગતિનું પ્રતિક મનાય છે. માનવમાત્રને પ્રેરણા આપે છે કે માણસે સીમિત ક્ષેત્રમાં સંતોષ ન માનવો જોઈએ પણ હંમેશાં પ્રગતિ કરીને આગળ વધતાં રહેવું જોઈએ. આ દિવસે વૃક્ષોનું પૂજન કરવાનું શાસ્ત્રકારોએ બતાવેલ છે. ખાસ કરીને 'શમી વૃક્ષ' નું પૂજન કરવાનું કહેવામાં આવેલ છે. શમી વૃક્ષ દઢતા અને તેજસ્વિતાનું પ્રતીક છે. શમીવૃક્ષમાં અગ્નિની માત્રા વિશેષ રહેલ છે. આપણે શમી વૃક્ષ જેવા દઢ અને તેજસ્વી બનવાનું છે આ ભાવના વ્યક્ત કરવામાં આવેલ છે.

દશેરાનો દિવસ એટલે સમાજમાં રહેલી દીન, હીન વિચાર તેમજ વિકૃત વૃત્તિને સંહારવા કટ્ટીબધ્ધ થવાનો દિવસ ! દશેરાનો દિવસ એટલે સ્વયંમાં રહેલ આસુરી વૃત્તિ, કુસંસ્કારો, વ્યસનો, વાસના-લોલુપતા અને અનીતિને બાળવાનો દિવસ! દશેરાનો દિવસ એટલે વીરતાનો વૈભવ, શૌર્યનો શૃંગાર અને પરાક્રમની પૂજા !

ધાર્મિક, સામાજિક, રાજનૈતિક, કલા-સાંસ્કૃતિક તમામ દૃષ્ટિએ આ પર્વ મૂલ્ય ધરાવે છે અને ઉત્સાહવર્ધક આનંદદાયી તહેવાર છે.

**શરદ પૂનમ :** ભાદરવા માસથી પ્રારંભ થયેલ



શરદઋતુનાં સૌંદર્યની પરાકાષ્ટાની રાત એટલે આસો સુદ પૂનમની રાત 'શરદપૂર્ણિમા.' શરદપૂનમની રાતે આકાશ સ્વચ્છ-નિર્મળ હોય છે. પૂર્ણ કળાએ ખીલેલા ચંદ્રમાંથી રેલાતી શ્વેત ધવલ શીતળ ચાંદની અને અદ્‌ભુત પ્રકાશ તન-મનને આહ્‌લાદક આનંદ સાથે શાંતિની અનુભૂતિ કરાવી વાતાવરણમાં પ્રસન્નતા પ્રસરાવી દે છે. ખગોળશાસ્ત્ર મુજબ આ રાતે ચંદ્ર પૃથ્વીથી નજીક હોય છે. તેથી પૃથ્વીવાસીઓ તેનાં સૌંદર્યને મનભરીને માણતા હોય છે. શરદપૂનમની રાતે રમાતા રાસનું પણ અનેરું મહત્ત્વ છે. દૂધ અને પૌંઆને ચાળણી વડે ઢાંકી અર્ધી રાત સુધી રાસની રમઝટ જામે છે અને રાસ રમ્યા બાદ ચંદ્રકિરણો દ્વારા પુષ્ટ થયેલ દૂધ-પૌંઆનો પ્રસાદ હોંશે હોંશે ગ્રહણ કરવામાં આવે છે.

**શ્રીકૃષ્ણ સાથે મહારાસ :** શ્રીમદ્‌ ભાગવતના દશમસ્કંધમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓના શરદપૂનમની રાતે રમાયેલા મહારાસની અદ્‌ભુત લીલા વર્ણવેલી છે.

ચીરહરણની લીલા વખતે ભગવાન શ્રીકૃષ્ણના વચને પોતાનાં વસ્ત્રો લેવા ગોપીઓ લોક-લાજ નેવે મૂકીને આવી. ગોપીઓના પ્રેમભાવથી પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણે શરદપૂનમની રાતે મહારાસનું સુખ આપવાનું વચન આપ્યું અને રાસ રમવા માટે આમંત્રણ પણ આપ્યું.

શરદપૂનમની રાતે શ્રીકૃષ્ણે વાંસળીના સુમધુર સૂર રેલાવ્યા, ગોપીઓ તન-મન-લોક-લાજ મર્યાદાનું ભાન ભૂલીને વ્રજ છોડી વૃંદાવનમાં આવી પહોંચી. કૃષ્ણે ગોપીઓનું સ્વાગત કર્યું અને પરીક્ષા પણ લીધી અને કહ્યું કે તમારા જેવી કુલીન સન્નારીઓ અર્ધીરાતે ઘરબાર છોડીને પરપુરુષ પાસે આવે તે યોગ્ય નથી. માટે પાછા જાવ.

ગોપીઓ માથે વીજળી પડી, આજીજી ભર્યા શબ્દે કહ્યું કે અમારા તન, મન, પ્રાણ બધું જ તમારા ચરણ કમળમાં બંધાયું છે. હવે અમે પાછા ક્યાંથી જઈએ ?

ગોપીઓની ઉત્કૃષ્ટ સમર્પણભાવના જોઈ ભગવાન અતિ પ્રસન્ન થયા અને યમુનાના કાંઠે મહારાસની શરુઆત કરી. રસરૂપ ભગવાનની પ્રેમભક્તિમાં ગોપીઓ એક રૂપ થઈ ગઈ. રાસમંડળમાં એક એક ગોપી સાથે એક એક કૃષ્ણ એ રીતે ભગવાને લીલા કરી અનેક રૂપો ધારણ કરી ગોપીઓને દિવ્ય સુખ આપ્યું.

**પંચાળામાં શરદપૂનમનો મહારાસ :** શ્રીજી મહારાજ પંચાળામાં બિરાજમાન હતા. તે વેળાએ બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું, "હે મહારાજ ! જેમ શ્રીકૃષ્ણે



શરદપૂર્ણિમાની રાત્રિએ ગોપીઓને મહારાસ રમાડીને જે દિવ્ય પરમાનંદની અનુભૂતિ કરાવી હતી, તેવો દિવ્ય આનંદ આજે આપ કરાવો. અમારી સાથે રાસ રમો તેવો અમારો સંકલ્પ છે."

કરુણામૂર્તિ મહારાજ આ સાંભળીને રાજી થયા અને બોલ્યા, "અમે તમારો મનોરથ અવશ્ય પૂરો કરીશું પણ એક શરત છે તમારે એ સમયે નવા કીર્તન રચવા. એક પૂરું થાય ત્યાં બીજું એમ અવિરત કીર્તનોની ઘટમાળ ચલાવવી."

બ્રહ્માનંદ સ્વામીએ તરત જ હા કરી. એટલે મહારાજે કહ્યું, "પંચાળાની પશ્ચિમે જ્યાં ટેકરો છે ત્યાં વિશાળ પટાંગણ છે. ત્યાં મહારાસ ગોઠવો. બાજુમાં સાબલી નદી વહે છે. પૂર્ણિમાની રાત્રિ છે. ચંદ્ર પણ સોળ કળાએ ખીલ્યો હશે. શરદઋતુની પાવક મહેક પ્રસરી રહી હશે."

આખા પંચાળા ગામમાં આ વાત વાયુવેગે ફેલાઈ. રાત થતાં સુધીમાં તો સમગ્ર પટાંગણ અને નદીના બેય કિનારે હજારો મનુષ્યોની ભીડ થઈ ગઈ.

રાસ આરંભ કરવાની મહારાજની આજ્ઞા મળી એટલે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વગેરે સંતોના હાથમાં કરતાલો હતી. પગ ઘૂઘરા બાંધ્યા હતા. સંતો કુંડાવાળી વચ્ચે બેઠા હતા. તેમણે દુક્કડ સરોડા, પખવાજ, સિતાર, શરણાઈ, ઝાંઝ, સારંગી, મંજીરા, આદિ અનેક પ્રકારના

વાજિંત્રો લીધા હતા. અને સંતે ત્રંબાળુ ઢોલ કેડે બાંધ્યો હતો. તેણે તેના પર દાંડી મારી અને પખવાજ - દુક્કડના નાદ સાથે બ્રહ્માનંદ સ્વામી શરૂ કર્યું,

"સખી ગોકુલ ગામના ચોકમા રે,
ખાંતે માંડ્યો રસીલે ખેલ, રમે રાસ રંગીલો રંગમાં રે..."

બ્રહ્માનંદ સ્વામીના પહાડી સૂર સાથે વાજિંત્રોના નાદની મિલાવટ થઈ ગઈ. સંતોએ પહેરેલા પગમાં ઘૂઘરા પણ તાલમાં ગૂંજવા લાગ્યા. બ્રહ્માનંદ સ્વામી કડી ઉપર કડી રચવા લાગ્યા. રાસ જામવા લાગ્યો. સંતો પોતપોતાના કુંડાળામાં ઘૂમવા લાગ્યા.

સંતોએ આ દિવ્ય આનંદ અને પોતાના ઉપાસ્ય સ્વરૂપની ભક્તિમાં લીન થયેલા જોઈ મહારાજ એકદમ મંચ પરથી ઉઠ્યા અને બધા જ કુંડાળા વીંધીને પહેલા કુંડાળામાં પહોંચી ગયા. મહારાજને રાસમાં આવેલા જોઈને સંતોએ માઝા મૂકી. અને બ્રહ્માનંદસ્વામીએ બીજી પંક્તિ શરુ કરીઃ

ચહુ કોરે સખાની મંડળી રે,
ઉભા વચમાં છેલો અલબેલ રમે રાસ રંગીલો રંગમાં રે.

મહારાજ સંતો સાથે તાળી દઈને રાસમાં ફરવા લાગ્યા. નાના સંતોને સંકલ્પ થયો કે મહારાજ ફક્ત મોટા સંતો સાથે જ રમે છે. અમને આવું સુખ ક્યારે મળશે ?

જેવો આ સંકલ્પ થયો કે તરત જ ચમત્કાર ! જેટલા સંતો એટલા રૂપ ધારણ કરી મહારાજ દરેક સંતને રાસનું સુખ આપ્યું.

મહારાજે સંતો-હરિભક્તો સૌને ઘેલા બનાવી દેહ-સ્થળ-કાળનું ભાન ભુલાવી દીધું સાબલી નદી પણ આજ યમુનાની જેમ ધન્ય થઇ ગઇ. રાસની રમઝટ ચાલી. સંતો સાથે મહારાજ રાસ રમવામાં લીન થઈ ગયા.

શરદપૂનમની રાતે સૌએ મહારાસનો દિવ્ય આનંદ મન ભરીને માણ્યો. આ જ રીતે શ્રીજી મહારાજે ગઢડામાં પણ શરદપૂનમના દિવસે જેટલા સંતો તેટલા રૂપ ધરીને દિવ્ય સુખ આપ્યું.

શરદપૂનમને 'કોજાગરી' પૂનમ અથવા 'માણેકઠારી' પૂનમ પણ કહે છે. એવું કહેવાય છે કે શરદપૂનમની રાતે લક્ષ્મીજી સ્વયં આકાશમાં વિચરણ કરી આહ્લેક લગાવે છે. को जागर्ति ? કોણ જાગે છે ? જે જાગતું હશે તેને હું ધનવાન બનાવીશ. को जागर्ति નું અપભ્રંશ 'को जागरी' થયું અને 'કોજાગરી' પૂનમ કહેવાઈ. 'કોજાગરી' પૂનમના વ્રતની વાર્તા મુજબ મગધના એક વિપ્ર પર લક્ષ્મીજીની પ્રસન્નતાની વાત જાણીતી છે.

**વાઘબારસ :** આસોવદ બારસને 'વાઘબારસ' કહે છે. દીપોત્સવી શ્રૃંખલામાં રમા એકાદશી, વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી વગેરે પાંચ ઉત્સવો આપણે ઉજવીએ છીએ. વાઘબારસનું બીજું નામ ગોવત્સદ્વાદશી પણ છે. આ દિવસે ઉત્તર ભારતમાં ગાય અને વાછરડાની પૂજા કરવામાં આવે છે અને પછી તેનું દાન કરવામાં આવે છે તેથી તેને ગોવત્સદ્વાદશી કહે છે. વળી આ દિવસને ગુરુદ્વાદશી તરીકે પણ ઓળખાય છે. પ્રાચીનકાળમાં ઘરના આંગણામાં વાઘના ચિત્રવાળી રંગોળી પૂરવાની પ્રથા હતી તેથી આ પર્વને વાઘબારસ એવું નામ મળ્યું છે.

ભગવદ્‌ગોમંડલમાં એવું દર્શાવ્યું છે કે દેવું પતાવવું અર્થાત્ વાઘમાંડવું, જૂના ચોપડા અને જૂના હિસાબ કિતાબને પૂર્ણ કરી નવેસરથી આર્થિક વહેવાર આરંભવા માટે આ દિવસ ઉત્તમ મનાય છે. આ દિવસે સૌ હિસાબો પૂર્ણ કરાય છે. પછીના ત્રણ દિવસ કોઈ લેવડ-દેવડ થતી નથી. નવા વર્ષે જ નવા મુહૂર્તના ચોપડાને આર્થિક વ્યવહારની લેવડ-દેવડ ખૂલે છે. તેથી વાઘમંડાઈ જેવો શબ્દ પ્રસિદ્ધ થયો છે.

વળી ભગવદ્ ગોમંડલમાં આ ઉત્સવને 'પોડાબારસ' તરીકે પણ વર્ણવાયો છે. જેની કથા એવી છે કે આ દિવસે વાઘ નામના દૈત્યનો સંહાર કરવામાં આવેલો.

**ધનતેરસ :-** ધનતેરસ એ દિવાળી મહોત્સવની માળાનો પહેલો મણકો છે, પ્રકાશપર્વની માળાનું અણમોલ મોતી છે. શ્રીજી મહારાજે આસો માસના કૃષ્ણપક્ષ ત્રયોદશીએ ધનતેરસ ઉત્સવ વિશે નિરૂપણ કરતાં જણાવેલ છે કે આ દિવસે શ્રીપતિ ભગવાનના અલંકારો, પૂજોપકરણ પાત્રોને યથાયોગ્ય ઉન્માર્જન કરવાના છે. આ દિવસે ભગવાનના સર્વ મંદિરોને યથાયોગ્ય ધોવાવડે, લીંપવાવડે, જળછાંટવા વડે શુદ્ધ કરવાના છે. તે પછી કૃષ્ણને સુશોભન કુકુંમતિલક લલાટમાં ધરાવે, સુવર્ણસૂત્રમય (જરીયાણી) ચીરાપટકા નામથી વિખ્યાત વસ્ત્ર ભગવાનને મસ્તકે ધરાવે, લક્ષ્મીજીને હરિત 'પીતનીલવર્ણવાળી સાડી' અને કસુંબલ

રંગથી રંગેલી રમણીય કાંચળી ધરાવે, નૈવેદ્યમાં પોચી જલેબી ખાજાં આદિક વિશેષપણે સમર્પણ કરે. આત્ર્યોદશી તિથિને આરંભીને ભગવાનની સન્નિધિમાં દીપોત્સવ સંબંધી પદ્યો ભગવદ્ ભક્તોએ ગાવાં અને ત્રણ દિવસ દીપ પંક્તિઓ વિશેષતઃ કરવી.

આસો વદ તેરસનો આ દિવસ ધન્વન્તરિ નામથી પણ ઓળખાય છે. પીયૂષપાણિ ધન્વન્તરિ ભગવાન્ ધન્વન્તરિ નામથી કોણ અપરિચિત હશે ? સંસારમાં જે રોગાર્ત છે તેમના માટે અમૃતકળશ લઈને સમુદ્રમંથન થકી ઉત્પન્ન થયેલા ધન્વન્તરિએ વિશ્વમાં આયુર્વેદ વિદ્યાનો પ્રચાર-પ્રસાર કરીને મોટો ઉપકાર કરેલો છે. કઠિન તપશ્ચર્યા, અવિરત સાધના અને ગંભીરતાપૂર્વક સંશોધનોના પરિપાકરૂપે સ્વાનુભૂતિપૂર્ણ આયુર્વેદ જેવો મહાન ગ્રંથ આપી લોકોને સંજીવની બક્ષી છે. ધનતેરસ ધન્વન્તરિ જયંતી દિવસ તરીકે પણ ઉજવાય છે. ધન્વન્તરિ ભગવાને પૃથ્વીવાસીઓને આયુર્વેદ વિદ્યા રૂપી અમૂલ્ય ધનની ભેટ આપી છે.

ધનતેરસનો દિવસ એટલે સર્વ પ્રકારના ધનની પૂજા કરવાનો દિવસ ! પછી એ લક્ષ્મી હોય, ગોધન હોય, વિદ્યા ધન હોય કે અન્ય પ્રકારનું ધન હોય ! હિન્દુ સંસ્કૃતિમાં પરંપરાગત રીતે આ દિવસે ધનનું પૂજન કરવામાં આવે છે. આપણી સંસ્કૃતિએ લક્ષ્મીને મહાલક્ષ્મી ગણેલ છે. પૈસો એ મેલ નથી, પૈસો તો પવિત્ર છે. પૈસાને ભૌતિક સુખ અને ભોગવિલાસની ચાવી માનીને તેનો દુરુપયોગ કરનાર માનવી પતન અને પાપના ગર્તમાં ધકેલાઈ જાય છે. જ્યારે પૈસાને 'લક્ષ્મીજી' તરીકે સ્વીકારીને આદરપૂર્વક સદુપયોગ કરનાર માનવી દેવ સમાન બને છે, પોતે સદાચારી બને છે અને અન્યને પણ સન્માર્ગી બનાવે છે.

ધનનો ઉપયોગ પ્રભુકાર્યોમાં, દાન-પુણ્યમાં તથા સત્કર્મોમાં થાય તો તે સાચી સંપત્તિ છે. ધનતેરસના દિવસે પૂર્ણ કૃતજ્ઞભાવ સાથે ગૌમાતાનું પૂજન કરવામાં આવે છે. ગાયમાતાના શિંગડાને રંગીને સુશોભિત કરી તેના ગળામાં મધુર ધ્વનિનો રણકાર કરતી ઘંટડીઓ બાંધવામાં આવે છે. તેની ડોકમાં રંગબેરંગી અડીક, ચીની, માટી, બિલોરી આદિ મણકાઓની માળા બનાવી પહેરાવવામાં આવે છે. ઝાલર અને ફૂમકાઓ સહિતના વસ્ત્રો ઓઢાળવામાં આવે છે. કુમકુમના તિલક કરી પૂજન કરવામાં આવે છે. આ રીતે અહોભાવ વ્યક્ત કરવામાં આવે છે. ધનતેરસના દિવસે શ્રીહરિ સૌને સન્મતિ પ્રદાન કરે જેથી ધનનો ઉપયોગ સત્કાર્યોમાં અને ભગવદ્કાર્યોમાં કરવાની વૃત્તિ પ્રબળ બને.

**કાળી ચૌદસ :-** દીપાવલિ માળાનો બીજો મણકો છે કાળીચૌદસ. શ્રીહરિએ કાળીચૌદશ ઉત્સવ વિષે સમજાવતાં સૌ પ્રથમ અભ્યંગસ્નાનના વિધિનું નિરૂપણ કરેલ છે. અશ્વિન કૃષ્ણ ચતુર્દશીએ લક્ષ્મી સહિત ભગવાનનો આભ્યંગોત્સવ કરવો. તેમાં જે ચતુર્દશી ચંદ્રોદયકાળ વ્યાપિની (ત્રયોદશી રાત્રિના અંતિમ પ્રહરમાં ચંદ્રોદય સમયે વ્યાપતી) હોય એ જ તેવી પણ કેવળ અશ્વિન કૃષ્ણ ચતુર્દશી માત્ર ન લેવી. આ ચતુર્દશીએ પૂજકજન સુગન્ધી પુષ્પવાસિત તૈલ (અત્તર) વડે લક્ષ્મીજી અને શ્રીકૃષ્ણને અભ્યંગ કરાવીને સુરભિ સુખસ્પર્શ ઉષ્ણ જળ વડે સ્નાન કરાવે. બધાં જ વસ્ત્રો રક્ત જ પહેરાવે. ફૂલવડી ભજીયાં વડાં અને માલપુવા વિશેષપણે નિવેદન કરે. આ ઉત્સવમાં પૂજકજન આરતીવિધિ વિશેષપણે કરે. આરતી કરવાના પાત્રમાં બહુ વાટો મૂકીને કરે. ઉપરાંત આજદિને હનુમાનજીનું તેલ, સિંદુર, આકડાના પુષ્પોના હાર અને અડદના વડાં વગેરે વડે મોટું પૂજન કરે કેમકે આ તિથિએ એમનો જન્મદિન કહ્યો છે.

પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે આસો વદ ચૌદશના દિવસે ભગવાન શ્રીકૃષ્ણે અત્યાચારી દાનવ શાસક નરકાસુરનો સંહાર કરી કેદ કરેલી સોળ હજાર કન્યાઓને કેદ મુક્ત કરી ઋષિમુનિઓ અને લોકોને ભયમુક્ત કર્યા હતા તેથી કાળીચૌદસને નરક ચતુર્દશી પણ કહેવાય છે.

કાળી ચૌદશના દિવસે શિવ ભગવાન સ્મશાનભૂમિમાં રહે છે તેથી આ દિવસે શિવભક્તો, તપસ્વીઓ, બ્રાહ્મણો અને સંતોને ભોજન, દાન, દક્ષિણા, આપવાનો ખાસ મહિમા છે. વળી આ દિવસે કષ્ટભંજનદેવ હનુમાનદાદાની પૂજાનું પણ મહત્ત્વ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે આસો વદ ચૌદશના દિવસે હનુમાનજીની પૂજા કરવી.

આ દિવસે તેલ ચોળીને સ્નાન કરવાનું પણ મહત્ત્વ છે. ચંદ્રોદય સમયે આ સ્નાનનું મહત્ત્વ અધિક છે. એ સમયે તેલમાં લક્ષ્મીજીનો અને જળમાં ગંગાજીનો વાસ રહેલો હોય

છે એવો પુરાણોમાં ઉલ્લેખ છે. શ્રીજી મહારાજે અભ્યંગોત્સવની જે વાત કરી છે તેમાં વૈજ્ઞાનિક તથ્ય પણ છે. દીવાળીના અવસર પર લોકો પોતાના આવાસો અને શેરીઓને સ્વચ્છ રાખવા સફાઈ કરે છે, રંગરોગાન કરે છે અને તે માટે પરિશ્રમ કરે છે. રંગરોગાનથી શરીર પર પડેલા ચૂનાના છાંટા, સફાઈકાર્યથી શરીર પર પડેલો મેલ અને પરિશ્રમથી અનુભવાતી થકાવટને દૂર કરવા અને નવી સ્ફૂર્તિ મેળવવા માટે તૈલાભ્યંગ અતિ આવશ્યક છે. આમ તૈલાભ્યંગનો શાસ્ત્રીય આદેશ પણ હેતુપૂર્વકનો છે.

**દિવાળી :-** ભારતીય તહેવારોમાં દિવાળી સર્વોચ્ચ સ્થાન ધરાવે છે માટે જ દિવાળીને પર્વાધિરાજ કહેવામાં આવે છે. આ પવિત્ર તહેવાર સાથે યુગોથી ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ જોડાયેલ છે. રાવણ વિજય બાદ ભગવાન શ્રી રામચંદ્રજી અયોધ્યા પધાર્યા તેના સ્વાગત-સત્કાર માટે અયોધ્યાનગરી સ્વચ્છતાપૂર્વક રંગ-રોગાન અને દીપમાળાઓથી શણગારવામાં આવી. આ દીપમાળાનો ઉત્સવ એટલે દીપાવલિ મહોત્સવ ! દીપોત્સવી એટલે આનંદનો ઉત્સવ, ઉલ્લાસ અને ઉમંગનો ઉત્સવ, પ્રસન્નતા અને પ્રકાશનો પર્વ. ભારતભરમાં સપ્તાહોથી આ પર્વરાજની ઉમંગભેર તૈયારીઓ થાય છે. અમાસની અંધારી રાત દીવડાઓની જ્યોતથી પ્રકાશમય બને છે. અબાલવૃધ્ધ સૌ આનંદવિભોર બની મા લક્ષ્મીની ઉપાસના કરે છે, પ્રકાશથી આલોકિત પોતાના આવાસોમાં લક્ષ્મીજીને પધારવા પ્રાર્થના



કરે છે. ઘરોમાં નવી સજાવટ કરાય છે. રંગબેરંગી રંગોળીઓ દોરી કલાની અભિવ્યક્તિ કરાય છે અને આ પર્વ નિમિત્તે નવી ખરીદી પણ કરાય છે. આ દિવસે સૌ લક્ષ્મીપૂજન કરે છે અને વેપારીવર્ગ ચોપડાપૂજન પણ કરે છે, સમગ્ર વર્ષનું સરવૈયું કાઢે છે. આ દિવસે આપણા જીવનનું પણ સરવૈયું કાઢવું જોઈએ. રાગ-દ્વેષ, વેર-ઝેર, ઈર્ષા-મત્સર, જીવનની કટૂતા, વ્યસનો, હિંસા, પાપાચાર, અત્યાચાર વગેરે ત્યાગીને પ્રેમ, શ્રધ્ધા, ઉત્સાહ, ઉમંગ અને દાન-દક્ષિણા, પરોપકાર જેવા સદ્‌ગુણોને જીવનમાં વણી લઈ પ્રભુ પ્રીતિ પ્રાપ્ત કરવી જોઈએ. નીતિમય જીવન જીવી સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો સંકેત આ ઉત્સવમાં રહેલો છે.

ભારત દેશ કૃષિપ્રધાન હોઈ ઋતુપર્વના રૂપમાં આ તહેવાર શરુ થયો હોવાની પણ સંભાવના છે. કારણ કે શરદઋતુમાં નવો પાક લોકોના ઘરમાં આવે છે. અન્ન ભંડારો ધન-ધાન્યથી ભરપુર બને છે. તેથી લોકોના હૃદયમાં આનંદ પ્રગટે તે સ્વાભાવિક છે. સ્કંદ, પદ્મ ભવિષ્યપુરાણમાં આ તહેવાર વિષે જુદી-જુદી માન્યતાઓ છે.

દીપાવલિ પર્વમાં લક્ષ્મીપૂજનના સમાવેશ અંગેનો ઈતિહાસ પણ મનોરંજક તથા મહત્ત્વપૂર્ણ છે. લક્ષ્મીના અભાવમાં સમસ્ત સંસાર દુઃખી થઈ ગયેલ. અસુરોના ત્રાસથી યજ્ઞક્રિયા પણ બંધ થઈ ગઈ ત્યારે દેવતાઓએ ભગવાનને પ્રાર્થના કરી. ભગવાને વામનરૂપ ધારણ કરી લક્ષ્મીજીને બંધનમુક્ત કર્યા અને સમસ્ત સંસારમાં હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું અને તે પ્રકાશમાન હર્ષે દીપકોનું સાકારરૂપ લીધેલ છે. આ રીતે ભગવતી લક્ષ્મીજીનું વિશેષ સન્માન રહેલ છે.

દિવાળીના દિવસોમાં ફટાકડા ફોડી આતશબાજી દ્વારા પણ આનંદની અભિવ્યક્તિ કરવામાં આવે છે. વર્ષાઋતુ બાદ ઝેરી જંતુઓ તથા અન્ય જીવાતોનો ઉપદ્રવ વિશેષ હોય છે. સ્વચ્છતા અને સફાઈ દ્વારા પણ વર્ષાઋતુમાં ફૂટી નીકળેલી વનસ્પતિ અને ગંદકીને દૂર કરી પર્યાવરણને વિશુદ્ધ રોગમુક્ત સ્વાસ્થ્ય જાળવણીનો ઉદ્દેશ્ય એટલે દિવાળી.

દીપોત્સવી એ કેવળ એક જ ઉત્સવ નથી પરંતુ ઉત્સવોનું સંમેલન છે. ધનતેરશ, કાળીચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ ઉત્સવ પાંચ વિભિન્ન


સાંસ્કૃતિક વિચારધારાઓ લઈને આ મહાપર્વમાં સમ્મિલિત થયા છે.

આસો માસના અંતિમ દિન દીપાવલિ ઉત્સવ અંગે સ્વયં શ્રી હરિએ નિરૂપણ કરતાં જણાવેલ છે - દીપોત્સવવિધિ અને લક્ષ્મીપૂજનોત્સવ અશ્વિનમાસના અમાવાસ્યાએ કરવો. તે દિવસે અર્ચક ભક્ત ભગવાનને મહામૂલ્ય સુંદર વસ્ત્રો અને મહામૂલ્ય આભરણો ધરાવે. રૂકિમણી નામનાં સાક્ષાત્ લક્ષ્મીજીની પૂજા કરે. જો લક્ષ્મીમૂર્તિ ન હોય તો રાધામૂર્તિમાં જે તેમનું ધ્યાન કરી યથાવિધિ સુશોભન ઉપચારો વડે અર્ચન કરે. જો રાધાપ્રતિમા પણ ન હોય તો સુવર્ણમયી લક્ષ્મી મૂર્તિને કરાવે. તે લક્ષ્મીજી ચાર ભુજવાળાં, પદ્મરૂપ સિંહાસનમાં સંરાજતા દક્ષિણ (જમણા) ઊર્ધ્વ કરમાં દીર્ઘનાળવાળું લીલા કમળ અને ઊર્ધ્વવામ (ડાબા) કરમાં અમૃતપૂર્ણ કળશને ધારી રહેલાં બીજા નીચે રહેલા દક્ષિણવામ હસ્તમાં સુશોભન બિલ્વફળ તથા શંખને ધારી રહેલાં, એવાં કરવાં (જે ચતુર્ભુજગ્રહણ છે તે પૃથક્ લક્ષ્મીપૂજન વિષયવાળું જાણવું. ભગવત્સમીપે તો દ્વિભુજા જ કરવાં એમ જાણવું. તે લક્ષ્મીજીના બન્ને પડખામાં નમતાં શુંડાગ્રભાગમાં કનકકુંભને ધરી રહેલા બે ગજો કરવા અને તે લક્ષ્મીને મસ્તકે મનોહર કમળ કરવું. તે પછી તે મૂર્તિનું કેળના થાંભલા વડે સુશોભિત અતિ ચાતુરીથી કરેલા રમણીય મંડપ સર્વતોભદ્ર મંડળમાં સ્થાપન કરીને हिरण्यवर्णा हरिणी ઈત્યાદિ પંચદશ ઋચાત્મક લક્ષ્મીસૂક્ત વડે પૂજા કરે. અમૂલ્ય વસ્ત્રો તથા મહામૂલ્ય અલંકારો લક્ષ્મીજીને સમર્પી મંડપની અંદર બહાર ચોમેર દીપાવલિઓ યથાશક્તિ કરાવે. જો લક્ષ્મીમૂર્તિ હરિસમીપે હોય તો લક્ષ્મીજીને રક્ત વસ્ત્રો પહેરાવે, પણ જો ભગવાન થકી પૃથક્ કરાવી હોય તો નવીન શ્વેતવસ્ત્રો પહેરાવે, પછી લક્ષ્મીજીના લલાટમાં સુશોભન કુંકુમચંદ્રક કરીને, તેના મધ્યમાં શુભ્ર સૂક્ષ્મ અખંડિત અક્ષતોને આરોપીને સુગન્ધિત પુષ્પનિર્મિત કેયુરકંકણાદિ કરાભરણો કમળો ધૂપ અને ધૃતકદીપકો વડે તે લક્ષ્મીજીની પૂજા કરે, 'નૈવેદ્ય' માં જલેબી, ખાજાં, સૂતરફેણી, ઘેબર, રેવડી પતાસાં બરફી, પેંડા, સાકરરસ પાયેલા એલાયચીદાણા, 'સાકરીયા' ચણા અને ભાત આદિ ભોજયાન્નો ભક્તિથી લક્ષ્મીજીને નિવેદન કરે, પછી તાંબૂલ બીડી આપીને મહારાજને કરે અને પૂજા સમયે લક્ષ્મીસ્તુતિરૂપ પદ્યોને ગવરાવે. આસો માસમાં કરવાના ભગવદ્દુત્સવોનો વિધિ આ પ્રકારે શ્રીહરિએ વર્ણવેલ છે.

**ગોવર્ધન પૂજા-અન્નકૂટોત્સવ :-** કાર્તિક માસના શુક્લ પક્ષના પડવાથી નૂતન વર્ષનો પ્રારંભ થાય છે. ગોવર્ધન પૂજા-અન્નકૂટોત્સવનો આ દિવસ હિન્દુઓ માટે અતિ મહત્ત્વનો તહેવાર છે. નવાં વસ્ત્રો ધારણ કરી પ્રાતઃકાળે દેવાલયોમાં દર્શન કરી વર્ષના આ દિવસની દિનચર્યા શરુ કરી લોકો પરસ્પરના રાગ-દ્વેષ, વેર-ઝેર, ઈર્ષા-કટૂતાને વિસારી નવા વર્ષે પ્રેમ, ઉત્સાહ અને ઉમંગભેર એકબીજાને મળે છે, ભેટે છે અને સમૃધ્ધિ, સ્વાસ્થ્ય અને પ્રગતિ માટે શુભેચ્છા પાઠવે છે, વડીલો આશિષ આપે છે.

ગોવાળિયાઓ ગોવર્ધન પર્વત સામે ખાદ્ય પદાર્થો અને અન્નના મોટા-મોટા પર્વતો સમાન ઢગલા કરીને આ ઉત્સવ ઉજવવો. આપણા મંદિરોમાં પણ આ દિવસે ખાદ્ય, લેહ્ય, ચોષ્ય અને પેય પદાર્થો આકર્ષક રીતે શણગારીને ઠાકોરજીને શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમપૂર્વક અતિભાવથી ધરાવવામાં આવે છે. અન્નકૂટના દર્શન માત્રથી હરિજનો ધન્ય-ધન્ય થઈ જાય છે.

આ તહેવારની શરુઆત પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવેલ. જળસ્રોત, વિવિધ વનસ્પતિ અને જડીબુટ્ટીથી ભરપૂર ગોવર્ધન પર્વતની તળેટીમાં વસતી વ્રજમંડળની પ્રજાની આજીવિકા ગો-પાલન અને કૃષિ પર નિર્ભર હતી. કૃષિ માટે વરસાદની રાહ જોવી




અને વરસાદ માટે ઈન્દ્રને પ્રસન્ન કરવા યજ્ઞો કરી તેમની કૃપા મેળવવી તેમના પર સંપૂર્ણ આધાર હતો.

ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ લોકોનો અભ્યુદય થાય તે માટે હતો. ગોવર્ધન પર્વતની પૂજા કરતી પ્રજાને ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતમાં રહેલી કુદરતી સંપત્તિ (જળ, વનસ્પતિ અને ઔષધિ) થી વાકેફ કર્યા. માત્ર દૈવી ઉપાય તથા માત્ર ઈન્દ્રપૂજા કરી બધું પ્રારબ્ધ પર છોડી દેતી આ ભૂમિની પ્રજાને જાગૃત કરી શ્રીકૃષ્ણ ભગવાને એ હકીકતનું જ્ઞાન આપ્યું કે આપત્તિઓ દૂર કરવા દેવોની આરાધના અનુષ્ઠાન આદિ આવકાર્ય છે પણ દૈવ પર આધાર રાખી પુરુષાર્થને તિલાંજલિ આપી દેવામાં આવે તે ઉચિત નથી. સિધ્ધિ પ્રાપ્ત કરવા અને પ્રજાને સમૃધ્ધિ અને પ્રગતિશીલ બનાવવા માટે દૈવબળના આશ્રય સાથે અવિરત પુરુષાર્થને પણ પ્રાધાન્ય આપવું આવશ્યક છે. ભગવાન શ્રીકૃષ્ણે સિંચાઈ દ્વારા ગોવર્ધન પર્વતની જળરાશિનો સદુપયોગ કરી કઠોર પરિશ્રમના સથવારે પ્રજાને સમૃધ્ધ બનાવી. આમ પડવાનો આ દિવસ સમૃદ્ધિ અને પ્રગતિ પ્રાપ્ત કરવાના પ્રારંભનો પર્વ છે.

શ્રીહરિ કાર્તિક માસમાં કરવાના થતા મહોત્સવનો વિધિ નિરૂપણ કરતાં પ્રથમ ગોવર્ધનોત્સવ વિધિનું નિરૂપણ કરે છે. ''કાર્તિક માસની શુક્લ પક્ષની પ્રતિપદાતિથિ ગોવર્ધનોત્સવમાં સ્વીકારવી. ચતુર્દશી, અમાવસ્યા અને પ્રતિપદા આ દીપાવલિના ત્રણ દિવસો સંલગ્ન જ કરવા. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણને રક્ત પાલવવાળું પિતાંબર મયુરપિચ્છો વડે શોભતા પ્રાંત ભાગવાળો મુકુટ ગરમાળાના પુષ્પોના કર્ણગુચ્છો, શુક્લનીલ રક્તાદિ પંચવર્ણના પુષ્પોથી બનાવેલી શુભ વૈજયંતિ માળા અને પુષ્પતોરાઓને ધારણ કરાવે તથા મુરલી, વિચિત્ર આભૂષણો, તુલસીમાળા અને વાંકુ બે ખભામાં લાંબુ બેવડું ઉત્તરીય વસ્ત્ર ધરાવે. તે પછી રૂડી રીતે કરેલાં નાનાવિધ જલેબી, ખાજાં આદિક મધુર ધૃતપર્ક વિશેષો ભાત આદિક ભોજયાઅન્નો નાનાવિધ શાકો અને વિવિધ ભજીયાં વગેરે વડે ભરપૂર અન્નકૂટ યથાશક્તિ યથાવિત્ત કરીને શ્રીકૃષ્ણને નિવેદન કરે. પછી તાંબૂળબીડી સમર્પીને હરિની મહાઆરતી કરે. પછી સર્વ સાધુઓ અને વૈષ્ણવ વિપ્રોને પ્રીતિથી જ જમાડે. આજ અન્નકૂટ મહોત્સવ દિને પ્રાતઃકાળે વાછડા, વાછડીઓ, વૃષભો અને ગાયોની હળદર કંકુમ આદિક વડે પૂજા કરે તથા સુગન્ધિ પુષ્પમય હારોથી અને તેમના શીંગડાને સિંદુર ગૌરિકાદિ વડે રંગવાથી તેમને અલંકૃત કરે. નૂતન તૃણાદિક વડે તે સર્વને સંતૃપ્ત કરીને ભગવન્મંદિરના અગ્રભાગમાં ખેલાવે. પછી ગાયના છાણ વડે ગોવર્ધનગિરિ કરીને તેની પૂજા કરે. તતઃ પચ્છાત્ મધ્યાહ્ને ભગવાનની આગળ અન્નકૂટોત્સવ કરે. તે સમયે ગોવર્ધનોત્સવ કથાના મધુર પદ્યો ગવરાવે અને તેના અર્થોનું કીર્તન કરે. વળી તે મહોત્સવને અનુરુપ વિવિધ વાદ્યઘોષને કરાવે. મુખ્યપૂજક ઉત્સવને અંતે ભગવદ્ભક્ત સાધુ બ્રાહ્મણોને જમાડીને પછી પોતે જમે. આ ઉત્સવ આટલો જ વિશેષ છે.'' આપણા સંપ્રદાયના મંદિરોમાં વહેલી સવારે ઠાકોરજીના પંચામૃતથી અભિષેક કરી, શ્રી નરનારાયણદેવ, શ્રીરાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ આદિ ભગવાન સમક્ષ છપ્પન ભોગના વિવિધ વ્યંજનો - પકવાનો તૈયાર કરી અન્નકૂટરૂપે નૈવેધ ધરાવવામાં આવે છે અને ભાવપૂર્વક આરતી ઉતારવામાં આવે છે.

**ભાઈબીજ (યમદ્વિતીયા) :** ભાઈબીજ દીપોત્સવી પર્વનો અંતિમ દિવસ છે. કારતક માસના સુદ પક્ષની દ્વિતીયા યમ દ્વિતીયા કહેવામાં આવે છે. આજના દિવસે યમરાજાનું પૂજન થતું હોવાથી તેને યમદ્વિતીયા એવું નામ આપવામાં આવેલું છે.

નવા વર્ષે આપણે સૌ જૂના રાગદ્વેષને ભૂલી જઈને સમગ્ર વિશ્વને પ્રેમ કરવાનો સંકલ્પ કરીએ છીએ, એની શુભ શરુઆત ભાઈ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમથી થાય તે યથાયોગ્ય



ગણાશે.

પુરાતન કાળમાં ભગવાન સૂર્યનારાયણની પત્ની છાયાની કૂખે જન્મેલી યમુનાએ તેના ભાઈ યમરાજાને પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપેલું, અને સત્કાર કરેલો હતો. યમરાજ બહેન ઉપર પ્રસન્ન થયેલા અને વરદાન માગવા કહ્યું. યમુનાજીએ માગ્યું, 'હે ભાઈ, દર વર્ષે આ દિવસે તમારે મારે ઘેર જમવા આવવાનું છે. તેમજ આ દિવસે જે ભાઈ પોતાની બહેનના હાથથી ભોજન કરે તેને તમારે સુખ આપવું.'

કોઈ પણ વ્યક્તિએ ભાઈબીજના દિવસે પોતાના ઘરે ભોજન કરવું નહિ. પણ બહેનના ઘરે ભોજન કરવું. સગી બહેન ન હોય તો કુટંબમાં સંબંધમાં કોઈની પણ સાથે બહેનનો સંબંધ રાખવો, તેવી જ રીતે બહેનને પોતાનો ભાઈ મળી શકે તેમ ન હોય તો બીજના ચંદ્રમાં પોતાના ભાઈના દર્શન કરવાં, અને ભાઈબીજ મનાવવી. આ દિવસે ભાઈનું આયુષ્ય વધે તે માટે બહેને યમરાજાની પૂજા કરવી. યમદ્વિતીયાને દિવસે જે બહેન ભાઈને જમાડે છે, તેનું જીવન પણ સુખી થાય છે. ભાઈબીજના દિવસે ભાઈનું પૂજન કરતી બહેન પોતાના ભાઈનું ભવિષ્ય ઉજળું બને તે માટે પ્રાર્થના કરતી હોય છે. તેના ફળસ્વરૂપે અનેક દેવો, ઋષિઓ ચિરંજીવી બની ગયા છે. તે પ્રમાણે પોતાનો ભાઈ ચિરંજીવી બને તે માટે પ્રાર્થના કરે છે.

બહેનનો સ્વભાવ સ્નેહભર્યો, લાગણીશીલ તેમજ સંવદેનશીલ હોય છે. પોતાનો ભાઈ ભોગવાદી ન બને, જીવન નિરર્થક વેડફી ન નાખે, સંસ્કૃતિનો રક્ષક બને, પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરે, સામાન્ય જીવન નહિ પણ અસામાન્ય જીવન જીવે, આવા સ્વપ્નોમાં બહેન રહેતી હોય છે. ભાઈ માટે મંગલકામના કરતી રહે છે. બહેનના હૃદયમાંથી ભાઈ પર આશિષની અમીવર્ષા સતત વરસતી રહે છે.

ભાઈબીજના દિવસે બહેન ભાઈનું પૂજન કરે છે. તેનું કારણ એ છે કે બીજનો ચંદ્ર કર્તૃત્વનો પ્રતીક સમાન ગણાય છે. પોતાનો ભાઈ પણ કર્મયોગી બને તેવી અપેક્ષા બહેન રાખે છે. બીજથી પૂનમ સુધી ચંદ્રની કળા વધતી જાય છે. તેવી રીતે ચંદ્ર પ્રગતિનું પ્રતીક છે. ભાઈના જીવનમાં કર્તવ્યપરાયણતા આવે, વિકાસના ગુણો કેળવાય તેવી અભિલાષાનો આ ઉત્સવ છે.

ચંદ્ર સુદ પક્ષમાં સમૃદ્ધિ અર્જિત કરવાનું શરુ કરે છે. સુદ પક્ષમાં પૂનમ સુધી કમાયેલ સમૃદ્ધિ અને ઐશ્વર્યને, પોતાની (ચંદ્ર) કલાઓની શુકલ પક્ષમાં વહેંચવાને કર્તવ્ય માને છે. અને લોક કલ્યાણાર્થે ઉદારભાવે તેની વહેંચણી કરે છે. આ રીતે ચંદ્ર જેવા કર્તૃત્વના અને ઉદારતાના ઉમદા ગુણો પોતાના ભાઈના જીવનમાં કેળવાય તેવી ઝંખના બહેનને હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉદારતા અને કર્તવ્ય પરાયણતાને ઉત્તમ ગુણ ગણવામાં આવે છે. કર્તવ્યનિષ્ઠ કર્મયોગી વ્યક્તિમાં જ્યારે ઉદારતાના ગુણનું સમન્વય થાય ત્યારે સમાજ તે વ્યક્તિ તરફ આદરભાવ ધરાવતો થાય છે. અને તેને સન્માન પ્રાપ્ત થતું હોય છે. બીજના ચંદ્રમાં આવા ગુણો રહેલા હોવાથી મહાદેવ શંકર ભગવાને ચંદ્રને પોતાના મસ્તક પર જટામાં સ્થાન આપી સન્માનિત કર્યા છે.

બહેન પરણીને સાસરે જાય પછી ભાઈ બહેનનું મિલન દરરોજ શક્ય હોતું નથી. બીજના ચંદ્રની જેમ ભાઈ, બહેનને ક્યારેક મળતો હોય છે. ભાઈના મિલનમાં અને બીજના ચંદ્રદર્શનમાં સરળતા ન હોવાને લઈને આપણા શાસ્ત્રકારોએ ભાઈ અને બીજને જોડેલા હશે અને ભાઈબીજનો ઉત્સવ સર્જ્યો હશે. ભાઈબીજના દિવસે બહેન પોતાના ભાઈને મળી શકે તેમ ન હોય તો આકાશમાં રહેલા ચંદ્રને પોતાનો ભાઈ ગણી તેની પૂજા કરે છે. ભાઈ પણ ચંદ્રદર્શનથી સંતોષ અનુભવે છે, ચંદ્રના માધ્યમથી ભાઈ-બહેનનું પરોક્ષ મિલન શક્ય બનતું હોય છે. ભારતીય સ્ત્રીને ચંદ્ર ઘરનો લાગે છે, પોતાનો લાગે છે, ભાઈ લાગે છે. તેથી જ બાળકો ચંદ્રને 'ચાંદા-મામા' કહીને પ્રેમ વ્યક્ત કરતા હોય છે.

બીજના ચંદ્રની પૂજા ઉપાસના કરે છે. વેપારીઓ બીજના ચંદ્રના દર્શન પરથી બજારમાં કેવી તેજી રહેશે, કેવી મંદી રહેશે તેવું અનુમાન કરતા હોય છે.

આમ બીજનો ચંદ્ર નાના બાળકોને આનંદ આપનાર છે. યુવાવર્ગને કર્તવ્યપરાયણતા શીખવે છે. વૃદ્ધલોકોને નવજીવન જીવવાનો સંદેશો આપે છે. શ્રીમંત લોકો ચંદ્ર પાસેથી ઉદારતાના ગુણો ગ્રહણ કરે છે. બીજનો ચંદ્ર ભાઈ

બહેનના ભાવજીવન જીવવાની પ્રેરણા આપી પુષ્ટ કરે છે.

બીજનો ચંદ્ર ત્યાગ, કર્તૃત્વ, પુરુષાર્થનો મહિમા સમજાવે છે. જીવનની શોભા, જીવનનું સૌંદર્ય બીજના ચંદ્રમાંથી સાંપડે છે. આ ભાઈબીજના દિવસે યમુનાજીમાં સ્નાન કરવાનો મહિમા છે.

આ ભાઈબીજના દિવસે ભાઈ ઉપરોક્ત તમામ ગુણોથી પરિપૂર્ણ બને. આવી મંગલકામના દરેક બહેન રાખે છે. બહેનની અપેક્ષા મુજબ દરેક આવા ગુણો જીવનમાં કેળવે, કટિબદ્ધ બને તો ભાઈબીજનો ઉત્સવ ઉજવ્યો સાર્થક ગણાશે.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનેક ઉત્સવોનું મહાત્મ્ય સમજાવેલ છે. અધિકમાસમાં વર્ષભરના ઉત્સવોની ઉજવણી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ઉત્સવોની ઉજવણી થકી આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિ ટકી રહે, આધ્યાત્મિકતાનો વિકાસ થાય, અને પરમેશ્વરની શ્રેષ્ઠ કૃતિ - એટલે માનવ હંમેશા શ્રેષ્ઠતાના ઉન્નત શિખરો સર કરે, ભાવજીવન જીવે અને પોતાનું જીવન સાર્થક કરે એવી પ્રાર્થના.

**લાભ પાંચમ :** કારતક સુદ પાંચમ એટલે લાભપાંચમ.

શારદાપૂજનમાં જે ચોપડાઓના પૂજન બાકી રહી ગયા હોય તે ચોપડાઓની પૂજા આ દિવસે થાય છે. જૈન ધર્મમાં આ તિથિને જ્ઞાનપંચમી કહે છે. મૂર્તિપૂજક જૈનો આ દિવસે વિશેષવ્રત રાખીને જ્ઞાન પૂજા કરે છે.

લાભપંચમીને સૌભાગ્ય પંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લૌકિક જગતમાં સૌ સારાં વાનાં થાય, ભૌતિક, સાંસારિક, સંપત્તિ વધે, બધા જ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ કર્મફળ થકી થાય તેને સૌભાગ્ય કહે છે.

મનુષ્ય જન્મ અને મનુષ્ય જન્મમાં સત્સંગનો જોગ એજ સૌથી મોટો લાભ યાને ભાગ્ય છે. સાચો લાભ ભૌતિક સંપત્તિની પ્રાપ્તિ નહીં પરંતુ ભક્તિ, સેવા અને સંતસમાગમની પ્રાપ્તિ છે.

નિષ્કુળાનંદ સ્વામીને તો રોજ લાભ પાંચમ જ હતી. તેઓ તો કહેતા, "ધન્ય ધન્ય અવસર આજનો જેમાં મળિયા મહારાજ નિષ્કુળાનંદ ડંકોજીતનો વાગી ગયો છે આજ."

ગુજરાતમાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ આ દિવસથી નવા વેપાર, સોદાઓનો આરંભ કરે છે.





**શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી આયોજિત**

## શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહાયજ્ઞ મહોત્સવ એવં માંડવી શ્રી ઘનશ્યામ મહારાજ વિંશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં

# શ્રી જનમંગલયાગ

માંડવી શ્રીવૃંદાવનવિહારી હરિકૃષ્ણમહારાજ એવં શ્રી ઘનશ્યામ મહારાજના પવિત્ર સાંનિધ્યમાં શ્રી જનમંગલયાગનું સુંદર આયોજન થનાર છે.

વિ.સં. ૨૦૭૬ ફાગણ સુદ ૨, તા. ૨૫-૨-૨૦૨૦ થી ચૈત્ર વદ ૨, તા. ૧૦-૪-૨૦૨૦ સુધી ૪૫ દિવસ પર્યંત આયોજિત થનાર આ ઉત્સવમાં ૩૦ લાખ જનમંગલના પાઠ, ૬૦ લાખ માળા અને ૩૫ હજાર કિલો જવ અને તલના જાપ થશે.


આર્ષદૃષ્ટા ઋષિમુનિઓ દ્વારા યજુર્વેદમાં ઉક્ત પ્રાચીન યજ્ઞ પ્રણાલી અનુસાર દિવ્ય યજ્ઞશાળાનું ભવ્ય નિર્માણ થશે. યજ્ઞશાળામાં કોઈપણ જાતના આધુનિક યંત્રો ઉપયોગમાં લીધા વિના પ્રાચીન પરંપરા મુજબ યજ્ઞકુંડોના નિર્માણ થશે. પ્રતિદિન ૫૧-એકાવન જનમંગલના પાઠની આહુતિઓ આપવામાં આવશે.

પરિવારમાં સુખ-શાંતિ તેમજ જીવનનું પરમ શ્રેય સાધનાર આ મહાયાગનો સામાન્ય માનવી પણ લાભ લઈ શકે તે હેતુથી તેમની સેવા દિવસ એકના રૂા. ૪૧૦૦/- (સજોડે) રાખવામાં આવેલ છે.

આ મહાયાગમાં લાભ લેવા ઈચ્છતા ભક્તોને વધુ માહિતી આપેલા સંપર્ક નંબર પરથી પ્રાપ્ય થશે.

**કો. સ્વામી ભક્તિપ્રકાશદાસજી : ૯૫૮૯૨૩૦૪૯૭ સ્વામી કપિલમુનિદાસજી : ૮૦૦૦૮૦૦૦૯૨**

# સ.ગુ. સ્વામી યજ્ઞપુરુષદાસજીનો અક્ષરવાસ



ધર્મનિષ્ઠ સેવા પારાયણ બ્રહ્મનિષ્ઠ, કર્તવ્ય પરાયણ સંત પ.પૂ. સ્વામી યજ્ઞપુરુષદાસજી તા. ૨૦-૯-૨૦૧૯ના સવારે ૮ વાગ્યે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં અક્ષરધામ સિધાવ્યા ત્યારે તેઓ ૭૭ વર્ષની આયુ ધરાવતા હતા. પૂર્વાશ્રમે તેઓ માંડવી ભૂતનાથ વાડી વિસ્તારના દેવરાજ ગોપાલ છભાડીયા અને ગાંગબાઈ દેવરાજ છભાડીયાના પુત્ર હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ પ્રેમજી દેવરાજ છભાડીયા હતું.

તેઓએ કાર્તિક સુદ ૧૧, સંવત્ ૨૦૧૮ તા. ૧૮-૧૧-૧૯૬૧ના તેઓ સ્વામી મોહનપ્રસાદદાસજી ભાગવતી દીક્ષા લઈ શિષ્ય થઈને રહ્યા. માતાપિતાનું કુળ અને સંપ્રદાયને તેઓએ દિપાવ્યા. સ્વામી છેલ્લા કેટલાંક વર્ષોથી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળમાં રહી સેવા કરતા અને મંડળના સંતોને હેતપ્રેમ આપી શિક્ષણ આપતા અને મંડળના નાના મોટા સંતો-પાર્ષદો પણ સ્વામીની સાંજ-સવાર સંભાળ રાખતા. તેઓ અવિરત શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં સેવાના ભેખધારી પણ રહ્યા હતા. તેઓની પ્રેરણાએ અનેક તળાવો બન્યા, જળસંગ્રહના ઉમદા કાર્યો થયા. તેઓ ગૌપ્રેમી સંત પણ હતા. ગાયોની સંભાળ તેઓ વહાલસોયા સંતાનોની જેમ રાખતા. મંદિરમાં ગૌશાળા-પાકશાળા-કોઠાર-વાડી આદિ અનેક ક્ષેત્રે તેઓનું અનેરું પ્રદાન હતું. સંતગણમાં તેઓ અતિપ્રિય હતા. તેઓ સ્પષ્ટ વક્તા હતા. તેઓને શિક્ષણમાં પણ અત્યંત રુચિ હતી. તેઓએ ૫૭ વર્ષ સુધી સંતજીવન દીપાવ્યું હતું. સ્વામીના અક્ષરનિવાસી ભુજ મંદિરને કર્મઠ સંતની ખોટ પડી છે. આપના શિષ્ય સ્વામી વિજ્ઞાનદાસજી તમારે શરણે રહ્યા. સ્વામીની શ્રદ્ધાંજલી સભા તા. ૨૨-૯-૨૦૧૯ રવિવારના ભુજ મંદિરમાં રાખેલ હતી. જેમાં મોટી સંખ્યામાં સંતો તથા ચોવીસી ગામના હરિભક્તો પધાર્યા હતા અને સ્વામીને શ્રદ્ધા સુમન અર્પણ બાદ મૌન રાખી સભા પૂર્ણ થઈ હતી.

શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ સ્વામીને આપના ચરણનું દિવ્ય સુખ આપો.


શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ આયોજીત

## શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ-ભુજ



### મહોત્સવના અણમોલ અવસરો...



**વિજય ધ્વજ** – તા. ૨૩-૧૧-૨૦૧૯, શનિવાર

**પોથી યાત્રા** – તા. ૨૯-૧૧-૨૦૧૯ શુક્રવાર (ફુલવાડીથી પ્રારંભ થશે)

**ત્રિ-દિવસીય શ્રીહરિ યાગ** – તા. ૩૦-૧૧ થી ૨-૧૨-૨૦૧૯ શનિવાર થી સોમવાર

**કથા પ્રારંભ** – તા. ૩૦-૧૧-૨૦૧૯, શનિવાર

**મહારાજશ્રીનું આગમન** – તા. ૫-૧૨-૨૦૧૯, ગુરુવાર

**પૂર્ણાહુતિ** – તા. ૬-૧૨-૨૦૧૯, શુક્રવાર

**શ્રી વચનામૃત મહા અભિષેક** – દરરોજ અલગ અલગ દ્રવ્યોથી

રૂા.૨૧,૦૦૦/- કે તેથી ઉપરની રકમની સેવા કરનાર યજમાનશ્રીનું નામ પત્રિકામાં મુકવામાં આવશે. કોઠારમાં તા. ૧૫-૧૦-૧૯ સુધી સેવા નોંધાવવા નમ્ર વિનંતી છે.

સર્વે સત્સંગી હરિભક્તોને સાતેય દિવસ સઘરી આમંત્રણ છે.

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, ભુજ-કચ્છ.

નિમંત્રક : મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી

# સત્સંગ સમાચાર દેશ

**વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનાં ઉપલક્ષ્યમાં યોજાઇ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યુવતી સત્સંગ શિબિર**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૮-૨૯/૦૮/૨૦૧૯ આમ બે દિવસ બપોરના સમયે ૩ થી ૬ વાગ્યે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં શિબિરનું આયોજન કરેલ હતું. શ્રી નરનારાયણ ભગવાનની કૃપાથી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને ભુજના મહંતબાઇ પૂજ્ય સાં. યો. સામબાઇ ફઇની પ્રેરણાથી યોજવામાં આવેલ આ શિબિરમાં ભુજ, મીરઝાપર, મદનપુર, સુખપુર, નરનારાયણનગર, માધાપર, હરિપુર, દહિંસરા, વાડાસર અને રામપર નવોવાસના સત્સંગી યુવતી બહેનો અને સાં. યો. બાઇઓ પધાર્યા હતા. આ શિબિરનું સંપૂર્ણ માર્ગદર્શન પૂજ્ય મહંતબાઇ સાં. યો. સામબાઇનું રહ્યું હતું.

સાં. યો. સામબાઇ ફઇ અને ઉપસ્થિત સર્વ ગામના વડીલ સાં. યો. બાઇઓ દ્વારા દીપ પ્રાગટ્યથી શિબિરની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ભુજના સાં. યો. મીનાબાઇ પ્રોજેક્ટરના માધ્યમથી 'ચિત્ર ચિંતામણી' નામે ગેમ રમાડી હતી. વચનામૃત સબંધી ચિત્રો દર્શાવામાં આવ્યા હતા. ગ્રુપમાં ભાગ લેનારા શિબિરાર્થીઓએ મનોમંથન કરીને ચિત્ર અનુસારે વચનામૃતો ઓળખ્યા અને તે વચનામૃતોના મૂળ શબ્દો યાદ કરીને સચોટ રીતે જવાબ આપ્યા હતા. ગેમ દરમ્યાન પૂજ્ય સાં. યો. સામબાઇ ફઇ વચનામૃતોને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓના ધર્મ અને મર્યાદા વિષે હૃદયસ્પર્શી ખૂબ ભલામણો કરી હતી.

બીજા દિવસે વધુ સત્સંગી બહેનોની ભારે ભીડ જામી હતી. પ્રોજેક્ટરના માધ્યમથી 'અક્ષરધામની સીડી' નામે ગેમ રમી હતી. રમત દરમ્યાન પૂજ્ય સાં. યો. સામબાઇ ફઇએ ગેમ પ્રસંગોચિત દૃષ્ટાંતો અને કીર્તનો દ્વારા સેવા, સંત સમાગમ, ભજન, મહિમા, ધીરજ આદિ ગુણો અક્ષરધામમાં કેમ સરળતાથી પહોંચી શકાય એની સમજૂતી આપી હતી. સાથો સાથ સત્સંગમાંથી પડી જવાના કારણે જે અવગુણ, માન, ક્રોધ, ઈર્ષ્યા આદિ દુર્ગુણો પણ ઓળખાવ્યા હતા. 'પ્રાણી લેને અક્ષરની કૂંચી રે, તાળું નહિંતર કેમ તૂટશે, રાખ હરિ ભજનમાં રુચિ રે, તાળુ નહિંતર કેમ તૂટશે' અને 'અક્ષરધામ કેમ જાશો જીજ્ઞાસુ, અક્ષરની વાટે માયા રોકશે' એવી શીખ આપી શિબિરાર્થીઓને ખૂબ જાગૃત કર્યા હતા. ત્યાર બાદ સૌ શિબિરાર્થીઓ અને સાં. યો. બાઇઓ ભવ્યાતિભવ્ય રાસોત્સવનો લાભ માણ્યો હતો. મંદિરનું પટાંગણ ઝગમગી ઉઠ્યું હતું. જયજયકારના ઉચ્ચસ્વરો ચારેય દિશામાં ગૂંજી ઉઠ્યા હતા. આ બન્ને દિવસે પ્રસાદીના યજમાન પદે સાં. યો. મંજુબાઇ કુંવરજી વેકરીયા (સુખપુર જૂનોવાસ) અને પ. ભ. પુરુષોત્તમભાઇ પ્રેમજીભાઇ વેકરીયા (મદનપુર — હાલ ગાંબીયા) રહ્યા હતા.

- વિદ્યાર્થિની સાં. યો. બાઇઓ (ભુજધામ)

★★★★★★★★★★★★★★★★★★★★★★

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના ઉપક્રમે મેઘલાડુ ઉત્સવ**

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી સતત ત્રણ વર્ષના દુષ્કાળ બાદ કચ્છમાં સચરાચર સારો વરસાદ થઈ જતાં વરસાદના વધામણા કરવા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે મેઘલાડુ ઉત્સવનું ભવ્ય આયોજન કર્યું હતું. જેમાં ભાગ લેવા ભુજ મંદિરના આમંત્રણને માન આપી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પધાર્યા હતા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીનું સન્માન પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ કર્યું હતું. વિશેષ બહુમાન કરી ભુજ મંદિર તરફથી કન્યા કેળવણી માટે ૫.૧૧ લાખનો ચેક ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અર્પણ કર્યો હતો. પ.પૂ. મહંત સ્વામીએ આવા રૂડા પ્રસંગના આયોજન અને કુદરતી કૃપા સમાન મેઘમહેર બદલ અંતરનો આનંદ વ્યક્ત કરી આશીર્વાદની લાગણી વ્યક્ત કરી હતી.

આ ઉત્સવમાં રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, ધારાસભ્યો ડો.નીમાબેન આચાર્ય, પ્રદ્યુમનસિંહ જાડેજા,

માલતીબેન મહેશ્વરી, સંતોકબેન આરેઠીયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી લક્ષ્મણસિંહ સોઢા, પૂર્વ રાજ્યમંત્રીશ્રી તારાચંદભાઈ છેડા, કલેક્ટરશ્રી રેમ્યામોહન મુથ્થાદાથ, ડી.ડી.ઓ. પ્રભવ જોશી વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી. સ્વાગત પ્રવચન શા. સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું. મંદિરની સાથે તેરા તુજકો અર્પણના પ્રણેતા યુવા આગેવાન હિતેશભાઈ ખંડોર તથા તેમની ટીમે મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું. મંદિરના ટ્રસ્ટીઓ રામજીભાઈ વેકરીયા તથા મુળજીભાઈ શિયાણીએ પણ મુખ્યમંત્રીશ્રીનું સન્માન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજીએ કર્યું હતું. કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયાએ આભારદર્શન કર્યું હતું. કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા મંદિરના ટ્રસ્ટીશ્રીઓ પ્રવિણભાઈ પિંડોરીયા, જાદવજીભાઈ ગોરસીયા, શશીકાંતભાઈ ઠક્કર, અભિવાદનમાં જોડાયા હતા અને મુખ્યમંત્રીશ્રીને મેઘલાડુ ખવડાવી ઉત્સવ મનાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવેલ કે જો કચ્છને સિંચાઈ દ્વારા પાણી મળે તો કચ્છમાં આખી દુનિયાની ભૂખ ભાંગવાની તાકાત છે. કચ્છમાં ઘાસ કાયમી ધોરણે ઉત્પન્ન કરવાની નવી યોજના જાહેર કરી હતી. સરદાર સરોવર ઐતિહાસિક સપાટીએ છલકાઈ રહ્યો છે ત્યારે કચ્છના તમામ ડેમોને નર્મદા નીરથી ભરવામાં આવશે. હવે કચ્છમાં દુષ્કાળ કાયમ માટે ભૂંસાઈ જશે. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો, ભક્તો અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

★★★★★★★★★★★★★★★★★★★★★

**શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની દીકરીઓની રમત-ગમત ક્ષેત્રે સ્વર્ણિમ સિદ્ધિઓ**

સાંસ્કૃતિક અને રમત-ગમત કચેરી ભુજ દ્વારા શાળાકીય રમતોત્સવ અંતર્ગત અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ થ્રો બોલ રમતનું અને યોગાસનની સ્પર્ધાનું જિલ્લાકક્ષાનું આયોજન શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરમાં કરવામાં આવેલ હતું. એથ્લેટિક્સ રમતનું જિલ્લાકક્ષાનું આયોજન એમ.એસ.વી. હાઈસ્કૂલ-માધાપર મુકામે યોજાયેલ હતું.

જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની ટીમ અન્ડર-૧૪ થ્રો-બોલ ફાઈનલમાં વિજેતા, અન્ડર ૧૭ થ્રો-બોલ ફાઈનલમાં એક તરફી વિજેતા અને અન્ડર-૧૯ થ્રો-બોલ ફાઈનલમાં પણ એક તરફી વિજેતા થયેલ છે. યોગાસનમાં પણ ચાર દીકરીઓ જીલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. જે હવે આગળ રાજ્યકક્ષાએ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

એથ્લેટિક્સમાં લગભગ તમામ સ્પર્ધામાં વિજેતા થઈ શાળાનું ગૌરવ વધારેલ છે. જેના વિજેતા નીચે મુજબ છે.

જેમાં ૪૦૦મી. દોડમાં વેકરીયા શ્વાતિ - દ્વિતીય નંબર, ૮૦૦મી. દોડ અને ૧૫૦૦મી. દોડમાં હિરાણી પ્રિયંકા પ્રથમ, ૧૫૦૦મી. દોડમાં વેકરીયા દિશા દ્વિતીય નંબર અને ૩૦૦૦મી. દોડમાં રાબડીયા નીરાલી પ્રથમ અને હિરાણી ભક્તિ દ્વિતીય, તેમજ લંગડીફાડકૂદમાં પિંડોરીયા અંજની પ્રથમ અને રાબડીયા ખિલના દ્વિતીય, ૩૦૦૦મી. જલદચાલમાં વેકરીયા હેત્વી પ્રથમ તેમજ દબાસીયા ક્રિષ્ના દ્વિતીય રહેલ છે, અને ચક્રફેંકમાં ભંડેરી કેયુરી પ્રથમ તેમજ હાલાઈ દિપ્તી તૃતીય રહેલ છે, અને ૪૦૦મી. વિઘ્નદોડમાં ધનાણી દિયા પ્રથમ રહેલ છે, અને ગોળાફેંકમાં ભંડેરી કેયુરી પ્રથમ તેમજ ભુડીયા સુમીતા દ્વિતીય રહેલ છે. હથોડાફેંકમાં ભુડીયા સુમીતા દ્વિતીય રહેલ છે. આમ, અમારી શાળાની વિદ્યાર્થિનીઓએ જીલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધામાં કુલ પ્રથમ નંબર પર ૮, દ્વિતીય નંબર પર ૯ અને તૃતીય નંબર પર ૩ વિજેતાઓ રહેલ છે. હવે આ વિદ્યાર્થિનીઓ કચ્છ જીલ્લા વતી રાજ્યમાં પ્રતિનિધિત્વ કરશે.

આ તમામ દીકરીઓની સિદ્ધિઓને શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા મંદિરના સર્વે સંતવૃંદોએ આશીષ સહ શુભેચ્છા પાઠવી હતી. તથા શાળાના ટ્રસ્ટ મંડળના સર્વે સભ્યો, આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકોએ આ સિધ્ધિને બિરદાવી હતી અને ઉત્તરોતર પ્રગતિ કરી અને રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિના સોપાનો સર કરી શાળાનું નામ રોશન કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

- આચાર્યશ્રી

★★★★★★★★★★★★★★★★★★★★★★★

**મંગલ શિલાન્યાસ : શ્રી સહજાનંદ ગુરુકુલ - માનકુવા**

શ્રી સહજાનંદ ગુરૂકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલય એવં S.S.G.M. SCHOOL (CBSE)



ઈંગ્લિશ મીડિયમ છાત્રાલયનો તા. ૧૩/૦૮/૨૦૧૯ ના શુભ દિને મંગલ શિલાન્યાસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

શ્રી સહજાનંદ ગુરુકુળના અધ્યક્ષશ્રી પુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સંચાલક શા. સ્વામી ગોલોકવિહારી દાસજી, પુ. સ્વામી ઘનશ્યામવલ્લભ દાસજી, પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી, પુ. સ્વામી આનંદસ્વરૂપદાસજી તેમજ મંડળના અન્યસંત શ્રીઓ આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખુબજ સારી મહેનત કરી હતી. આ કાર્યક્રમમાં તીર્થધામ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.પુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ બહોળી સંખ્યામાં વિદ્વાન સંતોની ખાસ ઉપસ્થિતિ રહી હતી. સાથે મંગલ શિલાન્યાસ પ્રસંગમાં કચ્છના ચોવિસે ગામમાંથી સાંખ્યયોગી બહેનો બહુ મોટી સંખ્યામાં પધાર્યા હતા.

કાર્યક્રમનો મંગલ પ્રારંભ શા. સ્વામી શ્રીરંગદાસજીએ મંગલાચરણથી કર્યો હતો. જીવનમાં ગુરુકુળ કેટલુ મહત્વનું છે. આ વિષય ઉપર પોતાનું મનનીય વ્યાખ્યાન આપ્યું હતુ. સવારે ૯.૩૦ વાગે યશસ્વી યજમાનોના વરદહસ્તે ભુદેવ દ્વારા પૂજન વિધિ સંપન્ન કરાયો. ત્યારબાદ સભાખંડમાં પધારેલા મહંત સ્વામી ધર્મનંદનદાસજી સ.ગુ. સંતો અને સમગ્ર વિદ્વાન સંતોનું ફુલહારથી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. મંગલ શિલાન્યાસના યજમાનોનું આશીર્વદ સાથે સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ મંગલ અવસરે પુજ્ય મહંત સ્વામીએ જીવનમાં વિદ્યાનું ભારી મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓ અભ્યાસમાં ખુબજ આગળ વધે તે માટે સંસ્થા બધા જ પ્રયત્ન કરવા તૈયાર છે. કોઈ પણ પ્રકારે વિદ્યાર્થી લૌકિક પારલૌકિક વિદ્યા મેળવીને પોતાના જીવનનો આગવો વિકાસ સાધે અને પરિવારને સુખ-શાંતિ અર્પે. મંડળધારી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ પોતાના આશીર્વચનમાં જાણાવ્યું કે ગુરુકુળમાં રહીને આગળ કેમ વધવું અને જીવનમાં આગળ આવવા માટે ગુરુકુળ કેટલું મહત્વનું છે. વિદ્યાભ્યાસ સાથે ભારતીય સંસ્કાર - સંસ્કૃતિ જળવાઈ રહે તે માટે ધર્મનું જ્ઞાન હોવું જરૂરી છે. તે આવા ગુરુકુળના માધ્યમથી બાળકોને આપી શકાય છે. પુજ્ય સ.ગુ.પુ.સ્વામી શ્રીહરિદાસજીએ શ્રીજી મહારાજે પ્રવર્તાવેલી પવિત્ર આ વિદ્યાની પરંપરાને આગળ વધારવી એ આપણી ફરજ બને છે. વિદ્યાદાન એ મોટું દાન છે. વિદ્યાદાનમાં સહયોગી બનનાર યશસ્વી યજમાનોને આશીર્વાદ આપી બિરદાવ્યા હતા.

આ મંગલ શિલાન્યાસના મુખ્ય યજમાનશ્રીઓ પ.ભ. રવજીભાઇ જાદવા રામજી ખેતાણી ગામ દહિંસરા. તથા પ.ભ. કાન્તીભાઇ મુરજી માવજી મેપાણી ગામ સુખપર. તથા પ.ભ. પ્રેમજીભાઇ હીરજી હાલાઇ ગામ સુરજપર. તથા સંજયભાઇ વિશ્રામ પિંડોરીયા, નવીનભાઇ વિશ્રામ પિંડોરીયા ગામ નારણપર તેમજ સુરેશભાઇ હિરજી નારણ હાલાઇ ગામ ભુજ. યજમાન પદે રહ્યા હતા. આ પ્રસંગે દાનવીર દાતાશ્રીઓને ગુરૂકુળના અધ્યક્ષ શા. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ એમની વિદ્યાદાન પ્રત્યેની સેવા નિષ્ઠાને બિરદાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શા.સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતુ. સભાને અંતે સંતો સાથે પુજ્ય મહંત સ્વામી મંગલ શિલાન્યાસ વિધિ સંપન્ન કર્યો હતો. ત્યારબાદ પધારેલા સૌ કોઇ સંતો, સાં.યો. બહેનો, હરિભક્તો, દાનવીર દાતાશ્રીઓ ને બહેનોને ભોજનપ્રસાદ આપવામાં આવ્યો હતો.

- સંચાલક શા. સ્વામી ગોલોકવિહારીદાસજી

## સત્સંગ પ્રવાસ અને ઋષિપાંચમ : સરલી

તા. ૧-૯-૨૦૧૯ કેવડા ત્રીજ રવિવારના પાવન દિવસે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ, સરલી દ્વારા વાગડ વિચરણનું આયોજન કરાયું હતું. આ આયોજનની સંપૂર્ણ જવાબદારી સાંખ્યયોગી ધનબાઈ ફઈ લીધી હતી. સવારે ૪:૪૫ કલાકે સરલીથી નીકળી પ્રથમ ધાણેટી ગયા હતા. ત્યાં તળાવકિનારે મહાદેવના દર્શન કરી ખોખરા ગયા. રામાનંદ સ્વામીની ઓરડીના અને પ્રસાદીભૂત કૂવાના દર્શન કર્યા. ત્યારબાદ ચાંદરાણી ગયા. ત્યાં તળાવના દર્શન કર્યા. ત્યાંથી દૂધઈ તરફ પ્રયાણ કર્યું અને પ્રસાદીની જગ્યાઓએ દર્શન કર્યાં ત્યાં મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન સૌએ કર્યા. ત્યાંથી ધમડકા અલૌકિક ખીજડાના તેમજ તળાવના દર્શન કર્યા. ત્યાંથી ખારોઈ અને ચોબારી મંદિરમાં દર્શન કર્યા. ત્યાંથી રતનપુર થઈ રાપર ગુરુકુળમાં પ્રસાદ લીધો. ત્યારબાદ રાપરમાં દરેક પ્રસાદીની જગ્યાએ દર્શન કર્યા. પછી આધોઈ ગયા અને ત્યાં શ્રી નિષ્કુળાનંદ સ્વામીના જીવવનું દર્શન કરી અને મંદિરમાં ગયા. સર્વે સત્સંગીઓએ ખૂબ જ આનંદથી રાપર-વાગડના દર્શન કર્યા અને ખૂબ જ આનંદ કર્યો.

તા. ૩-૯-૨૦૧૯ ભાદરવા સુદ પૂનમ અટલે ઋષિપાંચમ. આ દિવસ ખાસ સ્ત્રીઓ માટે ઉજવવાનો હોય છે. તેથી સરલી ગામના દરેક સત્સંગી બહેનો અને સાંખ્યયોગી બહેનો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સરલી ગંગાજી પર ઋષિપંચમીની કથા શ્રવણ કરાવવામાં આવી હતી. દરેક બ્રહ્મા પુરાણ અને વિષ્ણુ પુરાણમાં રજસ્વલા ધર્મની કથા બતાવવામાં આવી છે તે શ્રવણ કરી હતી. વિશેષ આયોજનમાં ગામ કેરાથી સાં.યો. મહંત સામબાઈ તેમજ સાં.યો. ઉર્મિલાબાઈ સર્વમંગલના પાઠ કરાવા માટે આવેલ. સાં.યો. ધનબાઈ ફઈએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સર્વમંગલનું મહાત્મ્ય અને વચનામૃતની કથા સંભળાવી હતી. પછી ગંગાજી પર સ્નાન કરી અને દક્ષિણા આપી વ્રતની ઉજવણી કરી હતી. પછી યુવતી મંડળના બહેનોએ રમતો રમી અને એકબીજાનો સત્સંગ કર્યો હતો. મહારાજ સૌને વિશેષ ભજન-સ્મરણનું સુખ આપે એવી પ્રભુના ચરણમાં પ્રાર્થના કરી હતી.

- ભારતી અરવિંદ પિંડોરીયા, સરલી

★★★★★★★★★★★★★★★★★★★★

## સત્સંગ સભા : ચંદ્રનગર (ખોખરા)

શ્રી સ્વામિનારાયણ મંદિર, ચંદ્રનગર ખોખરા મધ્યે સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંજાર સ્વામિનારાયણ મંદિરથી સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ્વામી રામાનુજદાસજી, સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતો પધારીને દિવ્ય સત્સંગની અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

પ્રસંગને અનુરૂપ વ્યવસ્થા સાથે પ્રસાદનો લાભ આપનાર અંજાર શહેરથી પ.ભ. જયંતીભાઈ પટેલ, સંજયભાઈ પટેલ અને સુમનભાઈ પટેલ પરિવારે પ્રસાદરૂપી સેવા આપી હતી.

આ પ્રસંગે યુવાનોએ પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી કરી હતી. પ્રેરણા સ્વરૂપ પ્રસાદના દાતાશ્રી બનીને પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

સત્સંગનો લાભ લેવા માટે ધાણેટી, નિંગાળ, દુધઈથી મોટી સંખ્યામાં સાં.યો. બહેનોએ પધારીને પ્રસંગનો લાભ લીધો હતો. ઉપસ્થિત ગ્રામજનો, સર્વે હરિભક્તો વતિ પધારેલા સંતોનું સન્માન ગામના વડીલો દ્વારા કરાયું હતું. આભારવિધિ સુમનભાઈ પટેલે કરેલ.

- કાનજીભાઈ સુથાર

★★★★★★★★★★★★★★★★★★★★

## રાત્રી કથા : કેસરનગર -૩ (આદિપુર)

ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી કેસરનગર-૩ આદિપુર મધ્યે તા. ૩૦-૮-૨૦૧૯ થી તા. ૧-૯-૨૦૧૯ સુધી ત્રિરાત્રીય દશમસ્કંધ કથાનું આયોજન કરવામાં આવેલ હતું. કથાના વક્તા પુ. સ્વામી રાઘવમુનિદાસજી તથા સ્વામી રામાનુજદાસજી તેમજ સ્વામી હરિમુકુન્દદાસજીએ કથામૃતનું રસપાન કરાવેલ. તા. ૩૧મીના કથા દરમ્યાન કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી મટકીફોડના કાર્યક્રમ સહિત ઉજવવામાં આવેલ.

આ અવસરે અંજાર મંદિરના મહંત સ્વામી બાલકૃષ્ણદાસજીએ અંતરનો આનંદ વ્યક્ત કરતાં રૂડા આશીર્વાદ પાઠવીને પ્રોત્સાહિત કરેલ.

કથાની પૂર્ણાહુતિના દિવસે રાસોત્સવનો આનંદ માણી સૌ ઝુમી પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પુ. સ્વામી મુક્તવલ્લભદાસજીએ કર્યું હતું.

- સ્વામી રામાનુજદાસજી

★★★★★★★★★★★★★★★★★★★

**એ.સી. તેમજ અદ્યતન સીલીગં હોલ ઉદ્‌ઘાટન : ભક્તિનગર**


શ્રી સ્વામિનારાયણ મંદિર, ભક્તિનગરમાં તા. ૭-૯-૨૦૧૯ના અદ્યતન સીલીંગહોલનું તેમજ એ.સી. નું ઉદ્‌ઘાટન પૂજ્ય મહંત સ્વામી દ્વારા રિમોટ કંટ્રોલથી કરવામાં આવેલ. તેમજ ભુજ મંદિરથી પધારેલ સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ નાના-મોટા ૩૦ સંતો પધાર્યા હતા. તેમજ બહેનોના મંદિરમાં એ.સી. તેમજ અદ્યતન માઈક સીસ્ટમનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. પૂજ્ય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ સમગ્ર ઉત્સવનું સંચાલન સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ કર્યું હતું.

- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

★★★★★★★★★★★★★★★★★★★

**શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર - વેકરા**

તા. ૦૩-૦૯- ૨૦૧૯, મંગળવાર ઋષિપંચમીના શુભદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજીના વિશાળ પ્રાર્થનાખંડ મધ્યે મનોહર શણગાર ધારણ કરી ભવ્ય સિંહાસન પર વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના ૧૯મા વાર્ષિક પાટોત્સવની મંડલેશ્વર સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્. પુરાણી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી,



પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી એવમ્ રામપર, વેકરા, વાડાસર તેમજ સરલીથી પધારેલ સાં.યો. બહેનોની દિવ્ય ઉપસ્થિતિ તથા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ભીખાલાલ લાલજી રાબડીયા, ટ્રસ્ટીશ્રી હરજીભાઇ ખોડા વેકરીયા, ટ્રસ્ટીશ્રી અરજણભાઇ મનજી વેકરીયા, રામપર, વેકરા, વાડાસર તેમજ સરલીથી અગ્રણી પ.ભ.શ્રી દેવજીભાઇ ગોવિંદ આશાણી, પ.ભ.શ્રી ધનજીભાઇ મેઘજી વેકરીયા, પ.ભ.શ્રી વાલજીભાઇ લાલજી આશાણી આદિ હરિભક્તો અને કર્મયોગી બહેનોની ઉપસ્થિતિમાં ગામ રામપરના હાલે ઓસ્ટ્રેલિયા નિવાસી પ.ભ.શ્રી વાઘજીભાઇ કલ્યાણ કેરાઇ, ધ.પ. માનબાઇ આદિ સમસ્ત પરિવારના યજમાન પદે વિધિવત્ ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાતઃકાળે ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધૂન બાદ યજમાન પરિવાર વતી પ.ભ.શ્રી દેવજીભાઇ આંણદા કેરાઇના હસ્તે વ્યાસપૂજન અને વક્તાપૂજન થયું અને પુરાણી સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીએ સુમધુર કંઠે સદ્. મુક્તાનંદ સ્વામીની વાતોના ઉત્તમોત્તમ ઉદાહરણ સાથે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. પધારેલ સંતો-ભક્તોના સ્વાગત સત્કાર બાદ મંડલેશ્વર સદ્. પુરાણી સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ સૌને ગદ્ ગદ્ કંઠે આશીર્વાદ પાઠવ્યા હતા. ભૂદેવશ્રી સુરેશ મારાજના ગોરપદે સંતો અને ભક્તો દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજનું પંચામૃતે મંત્રોચ્ચાર સહિત અભિષેક કરવામાં આવ્યો હતો. ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસંશનીય નૃત્ય નિહાળી સૌ પ્રસન્ન થયા હતા. આભાર દર્શન કરતા સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ સંસ્થાની વિકાસ યાત્રામાં હરિભક્તોના નિઃસ્વાર્થ સહયોગ બદલ ધન્યવાદની લાગણી વ્યક્ત કરી હતી. યજમાન પરિવાર પ્રત્યે રાજીપો વ્યક્ત કર્યા બાદ તપોવન ગુરુકુલ સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના કુશળ વ્યવસ્થાપનમાં હાલના સમય સુધી સહયોગી શિક્ષણ સમિતિના તમામ સદસ્યો પ્રતિ આભાર વ્યક્ત કરી શિક્ષણ સમિતિના સ્થાને વ્યવસ્થાપક સમિતિની નવ રચનાની ઘોષણા કરી હતી. વ્યવસ્થાપક સમિતિની નવ રચનામાં પ્રવિણભાઇ નારાણ પીંડોરીયા(દહીંસરા), શ્રી

શિવશંકરભાઇ કરસનજી નાકર(ભુજ), વાલજીભાઇ મનજી હિરાણી (વેકરા), નારાણભાઇ રત્ના કેરાઇ(નારાણપર), વિનોદભાઇ મનજી હાલાઇ(રામપર), જીજ્ઞેશભાઇ શાંતિલાલ આચાર્ય(ગઢશીશા) અને નયનભાઇ હરસુખલાલ ચાવડા(માંડવી) આમ સાત હરિભક્તોની નિયુક્તિ કરવામાં આવી હતી. ગુરુકુલના તમામ ઉત્સવ-સમૈયાઓમાં સદૈવ સહયોગી સાં.યો. બહેનો પ્રત્યે સ્વામીજીએ સહૃદય ધન્યવાદની ભાવના વ્યક્ત કરી હતી. ઋષિપંચમીના પાવનદિને જ ગુરુવર્ય વાત્સલ્યમૂર્તિ સદ્. પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી અક્ષરવાસી થયા હતા એ પૂણ્યસ્મૃતિને સંભારી સ્વામીજીએ ગુણાનુવાદ ભાવ વ્યક્ત કર્યો હતો.

અન્નકૂટ દર્શન, શ્રી ઠાકોરજીની આરતી અને પ્રસાદ વિતરણની સાથે પાટોત્સવ પ્રસંગ નિર્વિઘ્ન સંપન્ન થયો હતો. પ્રસંગની સફળતામાં ગુરુકુલના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ગુરુકુલના નિયામકશ્રી નયનભાઇ હરસુખલાલ ચાવડાએ કર્યું હતું. -પ્રધાનાચાર્યશ્રી, નિરવભાઇ ઉપાધ્યાય

★★★★★★★★★★★★★★★★★★★★

**મુંબઈ વિલેપાર્લેમાં શ્રીકૃષ્ણજન્મોત્સવ ઉજવાયો**

અહીં મુંબઈમાં આવેલ વિલે પાર્લેમાં શ્રીસ્વામિનારાયણ વિશ્રાન્તિ ભવનમાં જન્માષ્ટમીના દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ વૈભવ સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

તા. ૨૪-૮-૨૦૧૯ ના રોજ સવારથી મંદિરમાં ઉત્સવની તૈયારીઓ ચાલી રહી હતી. અહિંના મંડળધારી પુરાણી સ્વામી મહાપુરુષદાસજી, કોઠારી સ્વામી સંતજીવનદાસજી. કથાકાર પુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપ દાસજી તથા પૂજારી સ્વામી અક્ષરપુરુષદાસજી આ સર્વે સંતોની સાથે રહીને સ્થાનિક હરિભક્તોએ ઉત્સાહપૂર્વક મંદિરને વિવિધ ફૂલોથી શણગાર્યું હતું. જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવવા માટે ખાસ ગાંધીધામ ગુરુકુલથી પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, ડો સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી તથા ભુજ સ્વામિનારાયણ બોર્ડીંગ - વિદ્યાલયના સંચાલક સંગીતકાર પુરાણી સ્વામી અક્ષરમુક્તદાસજી તથા સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી પધાર્યા હતા. મંદિરના વિશાળ પટાંગણમાં ભગવાનનું પારણીયું તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે છ વાગ્યે સંધ્યા આરતી કરીને વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કથા વાંચન પછી પુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીએ બાળકો તથા યુવાનો માટે એક સત્સંગની બૌદ્ધિક ગેમનું આયોજન કર્યું હતું. તેમાં નવ-નવ યુવાનોનાં નવ ગ્રુપ બનાવવામાં આવ્યાં હતાં અને કોમ્પ્યુટરના માધ્યમથી સ્ક્રીન ઉપર પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતા તેને સૌ પોતાના મોબાઇલ દ્વારા જવાબ આપવાના હતા. જેણે વધારે સાચા ઉત્તર આપ્યા હતા તે ગ્રુપના સભ્યોને ઈનામ પણ આપવામાં આવ્યું હતું. ત્યારપછી સંતોએ ઉત્સવના યજમાન પરિવારને ફૂલમાળા પહેરાવીને આશીર્વાદ પાઠવ્યા હતા. પુરાણી સ્વામી મુક્તવલ્લભ દાસજી, પુરાણી સ્વામી મહાપુરુષદાસજીએ પ્રવચન દ્વારા સભાને આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી એક કલાકનો રાસોત્સવ રમવામાં આવ્યો હતો. અને બરાબર ૧૨ વાગ્યે બાળસ્વરૂપ શ્રીકૃષ્ણભગવાનને પારણે ઝુલાવીને જન્મોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ નંદઘેર આનંદ ભયોના ઉચ્ચનાદ સાથે સર્વે ભક્તિમય બન્યા હતા. આવેલ સર્વે ભક્તોને પંજીરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. સ્વામી સત્યપ્રસાદદાસજીએ કર્યું હતું.

- કોઠારી સ્વામી સંતજીવનદાસજી, મુંબઇ

★★★★★★★★★★★★★★★★★★★★

**શિવપૂજન સમાપ્તિ ઉજવણી તથા પંચદિનાત્મક શ્રીગણેશ મહોત્સવ : અંજાર**

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુન્દજીવનદાસજી, સ.ગુ. પુ.સ્વામી હરિબળદાસજી, કોઠારી શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, કો. સ્વામી માધવચરણદાસજી વગેરે મંડળના સમગ્ર સંતમંડળના શુભ સંકલ્પથી તા. ૩૦/૦૮/૨૦૧૯ ના શુક્રવારે અમાસે, શિવપૂજન મહોત્સવ ઉજવાયો હતો. જેમાં પિપલેશ્વર મહાદેવ મધ્યે સવારે ૯:૦૦ વાગે શ્રીઠાકોરજીની શોભાયાત્રા પારંપરિક વસ્ત્રો પરીધાન કરી ભાઈયો, બહેનો તથા કચ્છ સત્સંગની ભજન મંડળી સાથે નાની નાગલપરના હરિભક્તો



વાજીંત્રો સાથે જોડાઇ શ્રી સ્વામિનારાયણ મંદિરથી શ્રીસ્વામિનારાયણ સર્કલ થઇ પિપલેશ્વર મહાદેવ ગયેલ. ત્યાં પૂજન તથા આરતીબાદ ૧૦-૩૦ વાગ્યે સ્વા.મંદિરમાં પરત આવેલ. મંદિરમાં રાસોત્સવ થયો. જેમા સંતો હરિભક્તો જોડાયેલ. બહેનોએ બહેનોના મંદિરમાં રાસોત્સવ ઉજવ્યો હતો. ત્યારબાદ હરિભક્તોએ પ્રસાદ ગ્રહણ કરેલ.

તા.૦૨/૦૯ થી તા.૦૬/૦૯ પંચદિનાત્મક શ્રીગણેશ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. જેમા ભાદરવા સુદ ૪, તા.૦૨/૦૯/૨૦૧૯ના રોજ પૂજન અને હવન કરવામાં આવેલ. દરરોજ પૂજન સવારે તથા સાંજે કરવામાં આવેલ તથા ભાદરવા સુદ ૮ તા.૦૬/૦૯/૧૯ શુક્રવારના રોજ સાંજે મહાઆરતી સાથે શ્રીગણેશ મહોત્સવની સમાપ્તિ કરવામાં આવેલ. આ વિઘ્ન વિનાયકદેવ શ્રીગણેશજીના મહોત્સવમાં સર્વે ભાવિકો ઉત્સાહ સાથે જોડાયેલ અને પ્રસાદ લઇ છુટા પડેલ હતા.

- ઠકકર મેહુલકુમાર પ્રવિણચંદ્ર, અંજાર

★★★★★★★★★★★★★★★★★

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ નારણપર મધ્યે ઈન્ટર સ્કૂલ વોલીબોલ ટૂર્નામેન્ટની ઉજવણી**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી - નારણપરને ૧૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં આગામી ૧ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન યોજાનાર પંચદશાબ્દી મહોત્સવ અંતર્ગત અત્યારથી અનેક સામાજીક પ્રવૃત્તિઓનું તેમજ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજ ઉત્સવના એક ભાગ સ્વરૂપે તા. ૭-૯-૨૦૧૯નાં શાળામાં ઈન્ટર સ્કૂલ વોલીબોલ સ્પર્ધા "Aroma 2019-20"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર કચ્છમાંથી વિવિધ શાળાઓ જેવી કે અદાણી પબ્લિક સ્કૂલ-મુન્દ્રા, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ કોડાય, દિવ્ય બ્રહ્મલોક - સુખપર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-ગાંધીધામ, સૂર્યા વરસાણી એકેડમી, શ્રી સહજાનંદ ગુરુકુળ - માનકુવા, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - મથલ જેવી વિવિધ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે શરૂ થયેલા આ પ્રોગ્રામમાં જાણે ઓલિમ્પિક્સની ઝાંખી દર્શાવાઈ રહી હોય એ હિસાબે માર્ચપાસ્ટ, મશાલ, ખેલદિલીની ભાવના પ્રકટ કરતી પ્રતિજ્ઞા વગેરે સ.ગુ. સ્વામી નારાયણવલ્લભદાસજી દ્વારા વોલીબોલ ખુલ્લી મુકવામાં આવી હતી. ખૂબ જ રસાકસીપૂર્ણ અનેક લીગ મેચો બાદ યજમાન ટીમ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - નારણપર ફાઈનલ મેચ જીતીને આ ટુર્નામેન્ટની ચેમ્પિયન બની હતી. તેમજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - કોડાયપુલ રનર્સઅપ એટલે દ્વિતીય અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - ગાંધીધામ તૃતીય સ્થાને રહી હતી.

તમામ વિજેતા ટીમોને ટ્રોફી, ગોલ્ડ, સિલ્વર, કાંસ્ય ચંદ્રક તેમજ પ્રમાણપત્રો આપીને શાળાના સંતો, ટ્રસ્ટીઓ તેમજ આચાર્યશ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભાગ લેનાર તમામ ટીમોના દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તેમજ ટીમના કોચ અને કપ્તાનને ખાસ ઈનામ આપવામાં આવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવનાર તમામ રેફરીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ ભવ્યાતિભવ્ય સફળ કાર્યક્રમનું શ્રેય ગુરુકુળના સંતો સ્વામી નારાયણવલ્લભદાસજી, શા. સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીમંડળ, ડાયરેક્ટર શ્રી ઓ.પી. પારશર, આચાર્યશ્રી સાકેત સિંઘ, વ્યાયામ શિક્ષકો તેમજ શાળાના તમામ શિક્ષકોની અથાગ મહેનત તેમજ સંકલનને જાય છે.

શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા મંદિરના સર્વે સંતવૃંદે શાળાને આશીષ સહ શુભેચ્છા પાઠવીને અભિનંદન આપ્યા હતા.

- આચાર્યશ્રી



# સત્સંગ સમાચાર વિદેશ

## સર્વજીવહિતાર્થે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ : નાઈરોબી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી (ભુજ શ્રીનરનારાયણદેવ તાબાનું)માં બિરાજમાન



શ્રીઘનશ્યામ મહારાજ આદિ દેવોની અસીમ કૃપાથી સોમવાર તા. ૫-૮-૨૦૧૯ થી રવિવાર તા. ૧૧-૮-૨૦૧૯ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ પોતાના પ્રિયજનોના આત્યંતિક કલ્યાણ માટે યોજવામાં આવેલ હતી. સમય તથા શક્તિના સદુપયોગ સમાન આ આયોજનમાં ૧૧ યજમાનોએ ભક્તિભાવ સાથે યજમાનપદ સ્વીકારી સંતોના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

તીર્થધામ ભુજનગરથી પધારેલ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળના સંતોમાં સ.ગુ. પુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદિ સંતમંડળના સાંનિધ્યમાં પારાયણની શુભ શરૂઆત તા. ૪-૮-૨૦૧૯ના રોજ પોથીયાત્રાથી કરવામાં આવી હતી. તેમાં સંતો દ્વારા પોથીપૂજન કરાવ્યા બાદ યજમાન પરિવારોએ પોથીને મસ્તક ઉપર ધારણ કરી મંદિરથી હોસ્પિટલ થઈ પ્રદક્ષિણાના માધ્યમથી પોથીયાત્રા મંદિરે પૂર્ણ કરવામાં આવી હતી. ઉપરાંત મંડળી, બેન્ડ તથા લેઝીમના દાવોની સાથે પોથીયાત્રાને સરસ શોભાડવામાં આવી હતી.

સોમવાર તા. ૫-૮-૨૦૧૯ શ્રાવણ સુદ પાંચમના વહેલી સવારે ૫:૦૦ વાગ્યે મંગળા આરતી કર્યા બાદ ગણપતિ, વિષ્ણુ આદિ દેવતાઓના આહ્‌વાન સાથે કથા પારાયણનો શુભારંભ થયો હતો. ભુજ મંદિરના વિદ્વાન સંતો શા. સ્વામી કૃષ્ણજીવનદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ વ્યાસાસને વિરાજી સરળ ભાષામાં સંગીતના સુમધુર સથવારે ભાગવતરૂપી કથામૃતનું રસપાન સર્વ શ્રોતાજનોને કરાવ્યું હતું.

બુધવાર તા. ૭-૮-૨૦૧૯ના રોજ કથા અંતર્ગત મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનનો જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

ગુરુવાર તા. ૮-૮-૨૦૧૯ના રોજ નાના બાળકો દ્વારા રાસ અને મટકીફોડના માધ્યમથી ભવ્ય રીતે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ રાસ રમી આનંદ અભિવ્યક્ત કર્યો હતો. બાળ કૃષ્ણને પારણીયે ઝુલાવી યજમાનો અને વડીલોએ પુષ્પવૃષ્ટિ કરી જન્મોત્સવને વધાવ્યો હતો. તેમજ લેઝીમ, બેન્ડના સથવારે કૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારવામાં આવી હતી.

શનિવાર તા. ૧૦-૮-૨૦૧૯ના રોજ મંદિર તરફથી સર્વ યજમાન પરિવારોને પહેરામણી કરવામાં આવી હતી અને યજમાન પરિવારો તરફથી ભુજ મંદિર અને નાઈરોબી મંદિરને ભેટ અર્પણ કરવામાં આવી હતી. આજ રોજ કથા વિરામ બાદ સમગ્ર યજમાન પરિવાર તરફથી સર્વ હરિભક્તોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું. કથાના અંતિમ દિવસ રવિવારના રોજ મંડળના વડીલ સંત સ.ગુ.પુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજીએ યજમાનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સમાપ્તિની આરતી ઉતારી કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

- નારણ ગોરસીયા, શ્રી ક.સ. સ્વા. મંદિર, નાઈરોબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★

## વાર્ષિક પાટોત્સવ : શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર સા.ઈ. લંડન, વુલ્વીચ

આપણા મંદિરમાં ૩૧ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ હરિસ્મૃતિ શાસ્ત્રનું સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેનો શુભ પ્રારંભ તા. ૧૨-૮-૨૦૧૯ સોમવારથી તા. ૧૮-૮-૨૦૧૯ રવિવાર સુધી રાખવામાં આવેલ. જેના વક્તાશ્રી ભુજ મંદિરના વિદ્વાન સંતો તેમની સરળ શૈલીમાં કથામૃતનું પાન કરાવેલ અને તમામ





ભક્તજનોએ તેનો લાભ લીધો હતો.

તા. ૧૨-૮-૨૦૧૯ સોમવાર સાંજની કથા પ્રસંગબાદ સત્સંગી બહેનો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ તમામ સત્સંગી બહેનોએ લીધો હતો. તેમજ મંદિરના આગળના ભાગમાં સ્કૂલના ચોકમાં BBQનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સેવાભાવી યુવકોએ ગરમાગરમ નાસ્તો તૈયાર કરી સૌને જમાડ્યા હતા. સંતો પણ દર્શનનો લાભ દેવા પધાર્યા હતા. સૌએ આનંદ માણ્યો હતો.

તા. ૧૩-૮-૨૦૧૯ મંગળવાર સાંજના કથા પ્રસંગબાદ રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઢોલકની તાલમાં રાસની રમઝટ બોલાવી હતી તમામ નાના મોટા ધર્મપ્રેમી સત્સંગી ભાઈઓ-બહેનોએ આનંદ માણ્યો હતો. ગવૈયા સ્વામી શ્રીજીનંદનદાસજીએ પણ તેમના સુમધુર કંઠથી કીર્તનો સંભળાવ્યા હતા. સંતો પણ રાસમાં જોડાઈ રાસની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

તા. ૧૪-૮-૨૦૧૯ બુધવાર સાંજના કથા વિરામબાદ નાની બાલિકાઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવેલ. કાર્યક્રમને નિહાળવા મોટા પ્રમાણમાં ભક્તજનોની હાજરી હતી. અને નાની બાલિકાઓને તેમની કળા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ બાલિકાઓને સેવાભાવી ભક્તજનો તેમજ મંદિર તરફથી તેમને યોગ્ય ભેટ આપવામાં આવેલ.

તા. ૧૫-૮-૨૦૧૯ ગુરુવાર મંદિરના પાટોત્સવ પ્રસંગનો મુખ્ય દિવસ શ્રાવણ સુદ ૧૫ રક્ષાબંધનનો પવિત્ર દિવસ હતો. આ દિવસે સવારે ૬:૦૦ કલાકે બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ તેમજ શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી ભુજ મંદિરના સંતો તેમજ યજમાન પરિવાર દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક તેમજ અન્નકૂટ દર્શનની આરતીના યજમાન ગામ રામપરના પ.ભ. દેવજીભાઈ કાનજી કેરાઈ હ. માવજી દેવજી કેરાઈ સહપરિવાર તથા ગામ અંજારના પ.ભ. હરીશ ધનજી હીરાણી તથા ગં.સ્વ. માતાજી મેઘબાઈ ધનજી હીરાણી સહપરિવાર રહ્યા હતા. તેમજ ગામ આ. સુખપરના હાલે ભુજ નિવાસી પ.ભ. નાનજીભાઈ ધનજી પિંડોરીયા ધ.પ. હિરુબેન નાનજી પિંડોરીયા અન્નકૂટના સહયજમાનપદે રહી લાભ લીધો હતો. સંતો તથા યજમાન પરિવાર આરતીમાં જોડાઈ અન્નકૂટની આરતી ઉતારી હતી.

સાંજના કથાપ્રસંગ બાદ ભારતીય સ્વાતંત્ર્યદિવસ ૧૫મી ઓગસ્ટનો રાષ્ટ્રીય તહેવારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તેમાં સંગીત સાથે ભારતના રાષ્ટ્રધ્વજનું સન્માન કરવામાં આવેલ. તમામ ભક્તજનો ઊભા રહી ધ્વજને વંદન કર્યા હતા તેમજ ભારતને આઝાદ કરવા માટે કેટલી મુશ્કેલીઓ પડી હતી તેમનો ઈતિહાસ કાન્તીભાઈ હાલાઈએ સમજાવ્યો હતો. ભુજ મંદિરના પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ આપણે ભારતમાં ૧૫મી ઓગસ્ટ શા માટે ઉજવીએ છીએ તેનો આછો ખ્યાલ સમજાવ્યો. બહોળી સંખ્યામાં ભક્તોજનોએ લાભ લીધો. આનંદમય વાતાવરણમાં આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ. અંતમાં મંત્રીશ્રી હરીશભાઈ હીરાણીએ તમામ ભક્તજનોનો આભાર માન્યો. અને આપણા મંદિરમાં રાષ્ટ્રીય અને આપણા ધાર્મિક કાર્યક્રમો ઉત્સવો ઉજવાતા રહે અને મંદિરની તમામ નાની મોટી સેવાઓ કરવામાં ભગવાન બળ આપે તેવી સભાજનોને ભલામણો કરેલ અને શુભ કામનાઓ પાઠવેલ.

તા. ૧૬-૮-૨૦૧૯ શુક્રવાર સાંજના કથા પ્રસંગ બાદ મંદિરના યુવકો તરફથી રૂપક ભાગ -૧ ની રજૂઆત કરવામાં આવેલ જેનું નામ 'પૃથ્વીનો પ્રવાસ' નામના રૂપકથી શરૂઆત કરવામાં આવેલ. કાર્યક્રમ નિહાળી સૌ રાજી થયા હતા. અંતમાં પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ રૂપકનો હેતુ સમજાવ્યો અને આપણે શું કરવાનું છે તેના વિશે સમજાવેલ. જયઘોષના નાદ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

તા. ૧૭-૮-૨૦૧૯ શનિવારના રોજ NHS તરફથી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં જે કોઈ ભક્તજનોને શરીરમાં કંઈ તકલીફ હોય કે કોઈ નાની મોટી બિમારી હોય તો NHSનો સ્ટાફ મફત સેવા આપેલ હતી અને જેનો લાભ ભક્તજનો ભાઈઓ-બહેનોએ લીધો હતો. સાંજની કથા બાદ યુવકો તરફથી પૃથ્વીનો પ્રવાસ ભાગ-૨ની રજૂઆત કરવામાં આવેલ. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન ચરિત્રના કાર્યો ભગવાને કરેલા તેના વિષે રૂપક દ્વારા રજૂ કરાયેલ. ત્યારબાદ સંતો દ્વારા રૂપકની વિસ્તૃત સમજ આપેલ. ત્યારબાદ રૂપકમાં ભાગ લેનાર તમામ યુવકોને મંદિર તરફથી તેમજ દાનવીર દાતાઓ તરફથી ભેટ આપવામાં આવેલ. તેમજ બાળાઓને પણ ભેટ અર્પણ કરવામાં આવેલ.

તા. ૧૮-૮-૨૦૧૯ રવિવારના પાટોત્સવ પ્રસંગનો સમાપ્તિનો દિવસ હતો. સવારના ૧૧ કલાકે કથા પારાયણનું સમાપન કરવામાં આવેલ. ભુજ મંદિરના પુ. સ્વામી શાંતિપ્રિયદાસજીએ તમામ સભાજનોને આશીર્વાદ પાઠવ્યા હતા અને સત્સંગમાં રહી આ મંદિરના કાર્યોમાં જોડાવું તેમજ પ્રેમભાવથી રહી સંગઠિત થઈ મંદિરના ઉજવાતા આવા ઉત્સવોમાં ભાગ લેવો તેવી શુભકામનાઓ પાઠવેલ. ત્યારબાદ આપણા મંદિરમાં ધ્વજારોપણનો કાર્યક્રમ રાખેલ. જેમાં ગામ રામપરના અ.નિ. પ્રેમજી કાનજી કેરાઈ હ. ધનજી પ્રેમજી કેરાઈ સહપરિવાર તથા અ.નિ. જાદવા પ્રેમજી કેરાઈ હ. દેવશી જાદવા કેરાઈ સહપરિવાર વધુ આંક આપી ધ્વજારોપણના યજમાન બન્યા હતા. તેમજ બહાર મંદિરના શિખર પર ધ્વજા રોપણના યજમાન ગામ અંજારના ભરતભાઈ હરીશ હીરાણી તથા મહેશ ધનજી હીરાણી તથા ગામ બળદીયાના ધર્મેન્દ્ર કેશરા રાઘવાણી લાભ લીધો હતો અને તેમના પરિવારજનો તરફથી ધ્વજારોપણ કરવામાં આવેલ. તેમજ મહાપ્રસાદરૂપી ભોજનના યજમાન ગામ માંડવીના પ.ભ. મુરજીભાઈ સામજી રાબડીયા સહપરિવાર હ. દેવશી મુરજી તથા નરેન્દ્ર મુરજી રાબડીયાએ લાભ લીધો હતો. ત્યારબાદ મંદિરના પ્રમુખ પ્રેમજી ભીમજી મનજીએ તમામ સેવાભાવી ભક્તજનોનો આભાર માન્યો તેમજ પાટોત્સવ પ્રસંગમાં જે કોઈ ભક્તજનોએ સેવાઓ કરે છે તેમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. તેમજ પધારેલ સૌ ભક્તજનો મહાપ્રસાદ લઈ પાટોત્સવ પ્રસંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૮-૧૯ શનિવારના રોજ જન્માષ્ટમી ઉત્સવ મંદિરમાં ધામધૂમથી ઉજવવામાં આવેલ. સાથે ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ. જેમના યજમાનપદે ગામ રામપરના પ.ભ. મનજીભાઈ દેવજી કેરાઈ સહપરિવાર રહ્યા હતા. આ મંગલ ઉત્સવ પ્રસંગે મહારાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મોટા પ્રમાણમાં ભક્તજનોએ લાભ લીધો હતો અને મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં યુવકોએ ભાગ લઈ મટકી ફોડી હતી. અને બહેનોના વિભાગમાં નાની બાળાઓએ મટકી ફોડી હતી અને આનંદ માણ્યો હતો.

તા. ૩૧-૮-૨૦૧૯ શનિવાર સાંજના કથાપ્રસંગ બાદ શ્રી વચનામૃત શાસ્ત્રનું પૂજનવિધિનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભુજ મંદિરના શા. સ્વામી વેદાંતસ્વરૂપ દાસજીએ વચનામૃત શું છે તેના વિશે વિસ્તારથી ટી.વી. સ્ક્રીન પર ચિત્રો દ્વારા સરળતાથી સમજાય તે મુજબ સમજાવેલ અને વચનામૃતનું આપણે માનીએ તો શું ફાયદા થાય છે તેના વિષે પણ ખૂબ સારી રીતે સમજાવેલ.

ત્યારબાદ વચનામૃત શાસ્ત્રનું પૂજન પુ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા સંતમંડળના સાંનિધ્યમાં પૂજન કરવામાં આવેલ. તેમાં સારા પ્રમાણમાં ભક્તજનોએ લાભ લીધો હતો. તેમજ બહેનોની સભામાં બહેનોએ લાભ લીધો હતો. અંતમાં વચનામૃત શાસ્ત્રની સમૂહમાં આરતી કરવામાં આવેલ. ત્યારબાદ ભગવાનના નામ સ્મરણ સાથે સત્સંગ સભા વચનામૃત ઉત્સવની સમાપ્તિ કરવામાં આવેલ.

તા. ૧-૯-૨૦૧૯ રવિવાર સાંજે ઠાકરથાળી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. જેના યજમાન ગામ સુખપર રોહા હાલે ભુજ નિવાસી પ.ભ. નાનજીભાઈ ધનજી પિંડોરીયા ધ.પ. હિરુબેન નાનજી પિંડોરીયા સહપરિવારે લાભ લીધો હતો. ભવ્ય રાસોત્સવમાં સંતો સાથે ભક્તો રાસ રમી આનંદ માણ્યો હતો.

- મંત્રીશ્રી હરીશભાઈ ધનજી હીરાણી

★★★★★★★★★★★★★★★★★★★★

**વાર્ષિક સભા : શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર- કંપાલા**

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કંપાલાની વાર્ષિક જાહેર સભા તા. ૨૫-૮-૨૦૧૯ રવિવારના રોજ મંદિરના હોલમાં રાખેલ હતી. જેમાં હરિભક્તોએ હાજરી

આપેલ હતી.

આ વાર્ષિક સભામાં ટ્રસ્ટીશ્રી, અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી તથા ખજાનચીશ્રી એ મંદિરમાં થયેલ પ્રવૃત્તિ અંગેનો વાર્ષિક અહેવાલ રજૂ કરેલો હતો. જેની સર્વે હરિભક્તોની સર્વાનુમતિ આપેલ હતી. આ સભામાં ટ્રસ્ટી મંડળ, જુની કાર્યવાહક કમિટી અને સભ્યો, યુવક મંડળ-યુવતી મંડળ તથા મહિલા પ્રતિનિધિ અત્યાર સુધી મંદિરમાં સેવા આપી તે બદલ સર્વે સત્સંગીઓએ તેમનો આભાર વ્યક્ત કરેલ હતો.

ત્યારબાદ ટ્રસ્ટી મંડળનું વિસર્જન કરવામાં આવેલ અને ફરીથી આગામી ત્રણ વર્ષ માટે તેઓની નિમણૂંક કરવામાં આવેલ. આ ઉપરાંત કાર્યવાહક કમિટી, યુવક મંડળ, યુવતી મંડળ, મહિલા પ્રતિનિધિઓ અને રસોડા સમિતિને બરખાસ્ત કરેલ હતી અને નિમણૂંકનાં સંચાલનની જવાબદારી સર્વેનાં રાજીપાથી મંદિરના ટ્રસ્ટી પરબતભાઈ ભીમજી શીયાણીએ સંભાળેલી હતી.

નવા નિમાયેલ ટ્રસ્ટીમંડળ (૨૦૧૯-૨૨), કાર્યવાહક કમિટી અને સભ્યો, યુવક-યુવતી મંડળ, મહિલા પ્રતિનિધિ તથા રસોડા સમિતિના સભ્યોની નામાવલિ નીચે મુજબ છે.

અધ્યક્ષશ્રી : પરબતભાઈ ભીમજી શીયાણી - મીરજાપર, મંત્રીશ્રી નિમેશભાઈ ખીમજી શીયાણી - મીરજાપર, ટ્રસ્ટીશ્રીઓ દીપકભાઈ લાલજી સેંઘાણી - નારણપર, પ્રેમજીભાઈ લાલજી કારા - દહીંસરા, માવજીભાઈ નારણ કારા - માંડવી.

કાર્યવાહક કમિટીના સભ્યો : અધ્યક્ષશ્રી : હીરજીભાઈ રવજી જેસાણી-દહીંસરા, સહઅધ્યક્ષશ્રી મનીષભાઈ પરબત શીયાણી-મીરજાપર, મંત્રીશ્રી પ્રકાશભાઈ માવજી કારા-માંડવી, સહમંત્રીશ્રી હરેશભાઈ નારણ જેસાણી-બળદીયા, ખજાનચીશ્રી રમેશભાઈ કાનજી વેકરીયા-નારણપર, સહ ખજાનચીશ્રી હિતેશભાઈ હરજી હીરાણી-માનકુવા, સભ્યો : શીવજીભાઈ રૂડા ખેતાણી-ગોડપર, મનસુખભાઈ રવજી જેસાણી-દહીંસરા, હરીશભાઈ નારણ હીરાણી-કેરા, રવજીભાઈ રૂડા શીયાણી-ફોટડી, જયેશભાઈ ગોપાલ ખેતાણી-કેરા, જીતેશભાઈ નારણ વાગજીયાણી-મેઘપર, હરીશભાઈ રમેશ કેરાઈ - નારણપર

યુવક મંડળ (૨૦૧૯-૨૦) સભ્યો જયેશભાઈ ગોવિંદ હીરાણી-મીરજાપર, નિમેષભાઈ મનસુખ ગોંડલીયા-મીરજાપર

યુવતી મંડળ (૨૦૧૯-૨૦) સભ્યો કસ્તુરબેન મુકેશ વેકરીયા - સુરજપર, વનિતાબેન વિનોદ હીરાણી - બળદીયા

- મંત્રીશ્રી

★★★★★★★★★★★★★★★★★★★★

**(માહે) શીશલ્સ મા વાસ્તુ પ્રસંગે સંતો ની પધરામણી**

તારીખ ૧૭-૯-૨૦૧૯ ના રોજ ૧૬ સંતો નુ શીશલ્સ મધ્યે આગમન થયું. તારીખ ૨૦-૯-૨૦૧૯ ના રોજ પ.ભ.કેશરાભાઈ વિશ્રામ ભુડિયા સુપુત્ર રાજેન્દ્ર, ધ. પ લક્ષ્મીબેન સુપુત્રી ગોપીબેન નયનભાઈ, સુપુત્રી આનંદીબેન આદિ પરીવાર એમની નવી જગ્યાએ મહાપૂજા નુ આયોજન થયું હતું. સમગ્ર પરિવારે મહાપૂજાનો અલભ્ય લાભ લીધો, એજ દીવસે કેશરાભાઈના જમાઈના મકાનનું ધામધૂમથી વાસ્તુ થયું અને બહોળી સંખ્યામાં સંતો, હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. તા. ૨૧ શનિવારના રોજ કેશરાભાઈના ઘરે વાસ્તુ હતું. ત્યાં એમની કંપનીના જેટલા સભ્યો હતા એમની ઉપસ્થિતિમાં સંતોએ ઠાકોરજીના થાળ કર્યા અને આશીર્વાદ આપ્યા હતા. એજ દિવસે સાંજે (K.D.Emporium) Shoping mall નુ ઉદ્ઘાટન કરવામા આવ્યું હતું. સંધ્યા આરતીબાદ સંતોએ મોલના દરેક વિભાગોમા પ્રસાદીનું પાણી છાંટી પવિત્ર કર્યું હતું, અને ઉપરના હોલમાં પૂજ્ય સંતોએ (wisdom is power) આ વિષય ઉપર પ્રેઝન્ટેશન કર્યું હતું. ત્યારબાદ એ સભામાં પૂજ્ય સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી ભગવદ્જીવનદાસજી તેમજ સ્વામી શ્રીહરિદાસજીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારપછી પ.ભ. કેશરાભાઈએ પોતાના જીવનની શીશલ્સમાં કેવી રીતે શરૂઆત થઈ અને પોતાની કંપની કેવી રીતે આગળ વધી તેનો સમગ્ર ઇતિહાસ કહ્યો, અને શ્રીજી ગ્રુપની જેટલી જેટલી કંપની છે તેમના તમામ સભ્યોની હાજરી હતી. આ મોલમાં આપણા ભારતીયોને શુધ્ધ અને પવિત્ર ભોજન પ્રાપ્ત થાય તે હેતુથી રેસ્ટોરન્ટ શરુ કરવાનો કેશરાભાઈનો શુભ સંકલ્પ હતો અને આ રેસ્ટોરન્ટમાં ભોજન થાળીનું નામ પણ સ્વામિનારાયણ થાળી રાખવામાં આવ્યું છે. સભા બાદ સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પૂજ્ય સ્વામી શ્રીજીનંદનદાસજીએ કીર્તન અને સ્વામી શ્રીરંગદાસજીએ હાસ્યની છોળ વહેવડાવી હતી. તા. ૨૨- ૯-૨૦૧૯ના પ્રાતઃકાળમાં આ શ્રીજી કંપનીની જગ્યા ઉપર હોટલ (The Epitome, The Health & Wellness Resort) બનશે તેનું ભૂમીપૂજન સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. આ

તમામ પ્રસંગોમાં મંડળના સંતોએ ખૂબ સાથ સહકાર આપ્યો હતો.

આ પ્રસંગે પ.ભ.કેશરાભાઈ વિશ્રામ ભુડિયાના આમંત્રણને માન આપી પધારેલા સંતોમાં પૂજ્ય સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી ભગવદ્‌જીવનદાસજી આદિ ૨૨ સંતોની ઉપસ્થિતિ રહી હતી. અને આ સંતોના ઉતારાની વ્યવસ્થા laxmanbhai construction કંપનીના કેમ્પમાં હતી.

દરરોજ સાંજે વિશેષ સભાનું આયોજન થતું હતું. તેમા નવયુવાન સંતોએ વચનામૃત સંદર્ભમાં અલગ અલગ વિષયો ઉપર વ્યાખ્યાન માળા કરવામા આવી હતી. જેમા શીશલ્સમાં રહેતા આપણા તમામ કંપનીના ડાયરેક્ટરો અને કંપનીના તમામ ભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

- દેવશીભાઈ ભુડીયા

★★★★★★★★★★★★★★★★★★★★

### વાર્ષિક સભા : પર્થ-ઓસ્ટ્રેલીયા

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ-ઓસ્ટ્રેલીયાની ૧૩મી વાર્ષિક જાહેર સભા રવિવાર તા. ૧-૯-૨૦૧૯ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર,પર્થના સભાખંડમાં ૨:૩૦ વાગે શરુ કરવામાં આવેલ. કોરમ પુરો થતા શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે સભાનું કાર્ય શરુ કરવામાં આવેલ. મંત્રીશ્રી વિનોદભાઈ વેલજી હીરાણીએ સભામાં આવેલા સર્વ સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ, ગત વાર્ષિક જાહેર સભાની નોંધનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલનું વાંચન કર્યા બાદ, ખજાનચીશ્રી હરેશભાઈ લાલજી કેરાઈએ ગત વર્ષનો આવક-જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ. જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ અધ્યક્ષશ્રી મનજીભાઈ શીવજી ભંડેરી વર્ષ દરમ્યાન મંદિર વિષેની જે જે પ્રગતિ થયેલ તથા આપણા સંપ્રદાયના તમામ ધાર્મિક તહેવારો ખૂબજ ધામધૂમથી ઉજવેલ તેનો વિસ્તૃત અહેવાલ સભાજનોને આપેલ. તેમજ મંદિરની તમામ પેટા સમિતિના સભ્યોએ તન,મન અને ધનથી વર્ષ દરમ્યાન પોતાનું જ કાર્ય સમજીને ખૂબજ નિખાલસ ભાવથી સેવા કરેલ તે બદલ તમામ સેવાભાવી ભક્તોનો આભાર વ્યક્ત કરેલ. ત્યારબાદ તેઓશ્રીએ જણાવેલ કે તેમના સમયગાળા દરમ્યાન જે કોઈ ભાઈઓ તથા બહેનો મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓશ્રીને ટ્રસ્ટીમંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળેલ તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

સમય વધારે થઈ ગયેલ હોવાથી તથા મંદિરમાં ભાગવત સ્વરૂપોની આરતીનો સમય થઈ ગયો હોવાથી નવી સમિતિની નિયુક્તિ કરવા માટે બીજો દિવસ નક્કી કરીને સર્વે સભાસદોને નિયમ અનુસાર જાણ કરવામાં આવશે એમ જણાવીને સભાને બરખાસ્ત કરવામાં આવેલ.

સભા માટે નક્કી કરવામાં આવેલી તારીખ પ્રમાણે રવિવાર તા. ૧૫-૯-૨૦૧૯ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, પર્થ ખાતે સવારે ૧૦:૦૦ વાગે સર્વે હરિભક્તો મળેલ અને નીચે જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ માટે કાર્યવાહક સમિતિના હોદ્દેદારો અને સભ્યોની ચૂંટણી કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી : વિનોદભાઈ વેલજી હીરાણી - સુખપર રોહા, ઉપાધ્યક્ષશ્રી પ્રવિણભાઈ ભીમજી પિંડોરીયા-વેકરા, મંત્રીશ્રી પુનિતભાઈ વિનોદ કેરાઈ-નારણપર, સહમંત્રીશ્રી પરેશભાઈ વસંતલાલ રાબડીયા-માંડવી, ખજાનચીશ્રી હરેશભાઈ લાલજી કેરાઈ-ગોડપર, સહખજાનચીશ્રી અનીશભાઈ નારણ હીરાણી-નારણપર, હિસાબ ચોકસીશ્રી કિશોરભાઈ લાલજી સેંઘાણી-નારણપર, સભ્યોશ્રી માવજીભાઈ હીરજી વાઘજીયાણી-સુખપર, અરવિંદભાઈ દેવરાજ હાલાઈ-દહીંસરા, લાલજીભાઈ મેઘજી હીરાણી-બળદીયા, વસંતભાઈ ભીમજી હાલાઈ - દહીંસરા.

ટ્રસ્ટીમંડળને પાંચ વર્ષની મુદ્દત હોવાથી ટ્રસ્ટી મંડળના સભ્યો હોદ્દાની રુએ ચાલુ સાલે પણ રહેલ છે.

ટ્રસ્ટીમંડળ : નરેશભાઈ પરબત હાલાઈ-દહીંસરા, સામજીભાઈ લાલજી વરસાણી-નારણપર, કાનજીભાઈ કરસન હીરાણી-બળદીયા, કાનજીભાઈ ખીમજી રાબડીયા-બળદીયા, લાલજીભાઈ રામજી વરસાણી - સામત્રા.

આ પ્રમાણે ટ્રસ્ટીમંડળ અને કાર્યવાહક સમિતિના હોદ્દાદારો અને સભ્યોની વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટેની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ.

- મંત્રીશ્રી પુનિતભાઈ વિનોદ કેરાઈ

# શૂળીનું દુઃખ કાંટે ટળ્યું

બાળ મિત્રો, જય શ્રી સ્વામિનારાયણ, સત્સંગ કરીએ તો શૂળીનું દુઃખ કાંટે ટળે એટલે કે કોઈ મોટું દુઃખ આપણા જીવનમાં આવવાનું હોય એ સત્સંગ કરીએ તો ભગવાન થોડું દુઃખ આપી ને મોટું દુઃખ ટાળી નાખે છે. તો આજ આપણે એમના વિશે જ મહારાજે વચનામૃતમાં આપેલાં દૃષ્ટાંતને સાંભળીયે.




એક ગામ હતું. ગામ હોય એમાં બધી પ્રકારના લોકો હોય. એ ગામમાં કેટલાક ચોર લોકો રહે. ગામના બધા ચોર લોકો ભેગા થઈને નક્કી કરે કે આજે ક્યાં ચોરી કરવી. પછી બધા સાથે ચોરી કરવા જાય અને ચોરીમાં જે મળે તે સરખે ભાગે વહેંચી લે.

ગામમાં એક મંદિર હતું, મંદિરમાં સાધુ રહે. ભજન કરે અને ભિક્ષા માગી લાવી પોતાનું પેટ ભરે. કોઈવાર ભિક્ષા ન પણ મળે તો ઉપવાસ કરે, તોયે પણ સાધુને એનું દુઃખ નહિ. ખાવાનું મળે તોયે આનંદ, ન મળે તોયે આનંદ!

એક ચોર જતાં આવતાં આ સાધુને જુએને વિચાર કરે કે આ બાવો અહીં શું કરતો હશે? એ જોવા માટે જ એ કોઈ વાર આ સાધુની પાસે આવતો જતો!

એકવાર એવું બન્યું કે ચાર ચોરો ચોરી કરવા નીકળ્યા એમાં સાધુ પાસે આવતો એ ચોર પણ સાથે. મદિર પાસે થઈને જતા હતા. ત્યાં રસ્તામાં પડેલી એક બાવળની શૂળ પેલા ચોરના પગમાં પેસી ગઈ. ચોરના ઉઘાડા પગ અને જોરથી ચાલવાની ટેવ એટલે શૂળ પગમાં એવી પેઠી કે પગ ફાડીને આરપાર નીકળી ગઈ.

ચોરે વેદનાથી ચીસ પાડી, બીજા ચોરો તો નીકળી ગયા, પેલો તો ત્યાં જ પડી રહ્યો. સાધુ ત્યાં દોડી આવ્યા. તેમણે ટેકો આપી ચોરને મંદિરમાં લાવ્યા. શૂળ ખેંચી કાઢી અને દવા લગાડી પાટો બાંધ્યો પણ પીડા એવી હતી કે ચોર એ દિવસે ઘેર જઈ શક્યો નહિ. એમને ત્યાંજ મંદિરમાં પડી રહેવું પડ્યું.

હવે બન્યું એવું કે એ દિવસે ગામના બધા ચોરોએ ભેગા થઈને ઠરાવ કર્યો કે રોજ નાની નાની ચોરીઓ કરીએ છીએ એથી આપણું કે આપણા પરિવારનું કંઈ પેટ ભરાતું નથી, માટે આજે તો મોટી ચોરી કરવી, અને તે રાજાના ઘરમાં કરવી.

ચોરો પોતાના કામમાં હોશિયાર હતા. તે જ રાત્રે તેમણે રાજાને ત્યાં ચોરી કરી અને ખૂબ ધન મેળવ્યું.

રાતે ને રાતે બધા ચોરોએ એ ધનમાં ભાગ પાડી લીધા. દરેકના ભાગમાં ખૂબજ ધન આવ્યું, તેથી તેઓ ખૂબ ખુશ થયા.

પણ આ ધનમાંથી તેમણે પેલા કાંટાવાળા ચોરને કંઈ ભાગ આપ્યો નહિ. એમની સાથે એ ચોરી કરવા ગયોજ નહોતો, એટલે એ ભાગ કેવી રીતે માગી શકે?

પણ સવારે એ ઘેર ગયો ત્યારે એનાં બૈરી છોકરાં એને વઢવા લાગ્યાં કે 'તું પેલા બાવા ને ત્યાં મંદિરમાં પડી રહ્યો તેનું આ ફળ તને મળ્યું! તું ત્યાં ન ગયો હોત તો આપણી પાસે કેટલું ધન આવી જાત આપણે ખાઈપી મોજ કરત! હવે દુઃખના દહાડા આવ્યા!' આમ વાત કરે છે ત્યાં એકાએક રાજાના સિપાઈઓએ આવી ચોરોને ઘેરી લીધા. તેમણે ગામના એકેએક ચોરને પકડી કેદ કરી દીધા. એમાં પેલો કાંટાવાળો ચોર પણ આવી ગયો!

એમણે રાજાની કચેરીમાં જાહેર કર્યું કે હું રાત્રે સાધુ પાસે મંદિરમાં હતો, હું ચોરી કરવા ગયો જ નહોતો. રાજાએ સાધુને પુછ્યું તો વાત ખરી નીકળી એટલે રાજાએ એને છોડી દીધો અને બીજા બધા જ ચોરોને સખ્ત સજા કરી. એ જમાનામાં કાયદા મૂજબ એ બધાને શૂળીએ (ફાંસી) ચડાવી દીધા!

એકલો આ કાંટાવાળો ચોર શૂળીથી બચી ગયો. જો એને કાંટો ન વાગ્યો હોત તો શૂળીએ ચડી ગયો હોત, કાંટો વાગ્યો , ને એ સાધુનો સંગ કર્યો તો એનું શૂળીનું વિઘ્ન કાંટાથી ટળી ગયું.

સત્સંગ આમ આણધારી રીતે ફળે છે. શ્રીજી મહારાજે 'વચનામૃત' ગઢડા પ્રથમ પ્રકરણના ૭૦ માં આ દ્રષ્ટાંત કહ્યું છે.

સત્સંગ કરે તો એને શૂળી જેવું દુઃખ હોય તો કાંટે મટે છે કારણ કે મેં તો રામાનંદ સ્વામી પાસે એવું માગી લીધું છે કે તમારા સત્સંગને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તેને ન થાઓ. પણ મને એક એક રુંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ! તમારો સત્સંગી અન્ન વસ્ત્રે કરીને દુઃખી ન થાઓ ! માટે જે સત્સંગ કરે છે એમને કયારેય દુઃખ આવતું નથી.

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૬૯૬૦/- ચુનીભાઈ સી. પટેલ લંડન યુ.કે., શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૫૦૦/- ન્યારી જગદીશ ભુડીયા, ભક્તિનગર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૫૦૦/- અ.નિ. મનજી વેલજી હીરાણી હ. કુંવરબાઈ પુત્ર નરેન્દ્ર અને હિતેશ, ગોડપર તેમની વરસી નિમિત્તે

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ. ધનબાઈ સહપરિવાર, બળદીયા, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૦૦/- શ્યામ વી. પટેલ ઘડાણી હાલે બોઈસર, નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ

૨૦૦/- કાન્તિલાલ દેવશી હાલાઈ, મેઘપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૦/- હરિભાઈ નાનજી પિંડોરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- પ્રેમીલાબેન લાલજી વેકરીયા માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- અશ્વિન કિશોર પિંડોરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- રોહિત નરેન્દ્ર પિંડોરીયા, ભાઈ ભવ્ય, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ભુજ નિત્યદર્શનમ્

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સઅપમાં ''ભુજ નિત્યદર્શનમ્'' દ્વારા ઘેર બેઠા મેળવવા માટે.



**+91 73592 50231**

**આ નંબર આપના મોબાઈલમાં સેવ કરી આપનું પુરું નામ અને ગામ, વોટ્સઅપ કરવી. જે કોમેન્ટ કરવામાં આવશે તો ગ્રુપમાંપી નિકળી જશે.**

**નોંધ : આ ગ્રુપ માત્ર દર્શન માટે જ છે. તેથી કૃપા કરીને કોઇએ પણ ગ્રુપમાં કોમેન્ટ ન કરશો.**

**"શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ"**

નું લવાજમની રકમ ઓનલાઈન બેન્કમાં જમા કરાવી શકો છો.

**બેન્ક ખાતાની વિગત :** બેન્ક ઓફ ઈન્ડિયા, ભુજ

**IFSC Code :** BKID0003800

**ખાતાનું નામ :** ''શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ''

**ખાતા નં. :** ૩૮૦૦૧૦૧૦૦૦૦૦૭૮૨૮

**નોંધ :** નાણા ભર્યા બાદ બેન્ક સ્લીપની ઝેરોક્ષ અને નાણા ભર્યા અંગેની વિગત કાર્યાલયને મોકલવી.







**શ્રી સહજાનંદ ગુરુકુલમાં નૂતન વિદ્યાર્થી નિવાસનો શિલાન્યાસ વિધિ - માનુકવા**







**વોલીબોલ સ્પર્ધામાં ચેમ્પીયન નારણપર ગુરુકુલ**



**શ્રી સ્વામિનારાયણ કન્યાવિદ્યા મંદિરની દિકરીઓ એથ્લેટિકસમાં તમામ સ્પર્ધામાં વિજેતા થઈ - ભુજ**

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2019/UPTO 31-12-2019






સ.ગુ. પુરાણી સ્વામી યજ્ઞપુરુષદાસજીનો અક્ષરનિવાસ - ભુજ






શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ - લંગાટા, નાઈરોબી